Sunday
24.09.2023
*Volume :8 * Issue No.60

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

વિશ્વાસથી વિકાસ યાત્રા

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)

*Managing Editor:Arjun Sondarva *Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs.90/-

પ્રધાનમંત્રીએ નવી દિલ્હીમાં

'ઈન્ટરનેશનલ લોયર્સ કોન્ફરન્સ ૨૦૨૩'નું ઉદઘાટન કર્યું

બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા ૨૩ થી ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ 'ઇમર્જિંગ ચેલેન્જિસ ઇન જસ્ટિસ ડિલિવરી સિસ્ટમ' વિષય પર આંતરરાષ્ટ્રીય વકીલ પરિષદ ૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું છે. આ પરિષદનો ઉદ્દેશ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્ત્વપૂર્ણ વિવિધ કાનૂની વિષયો પર અર્થપૂર્ણ સંવાદ અને ચર્ચા કરવા, વિચારો અને અનુભવોના આદાનપ્રદાનને પ્રોત્સાહન આપવાનો તથા આંતરરાષ્ટ્રીય સહકાર અને કાનૂની મુદ્દાઓની સમજણને મજબૂત કરવાનો છે. દેશમાં પ્રથમ વખત યોજાઈ રહેલી આ કોન્ફરન્સમાં ઉભરતા કાનૂની પ્રવાહો, સરહદ પારના મુકદ્દમામાં પડકારો, કાનૂની ટેક્નોલોજી, પર્યાવરણીય કાયદા વગેરે જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવશે. આ કાર્યક્રમમાં વિશિષ્ટ ન્યાયાધીશો, કાનૂની વ્યાવસાયિકો અને વૈશ્વિક કાનૂની બિરાદરોના અગ્રણીઓએ ભાગ લીધો હતો.

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવનમાં'આંતરરાષ્ટ્રીય વકીલોની પરિષદ ૨૦૨૩'નું ઉદ્ઘાટન કર્યું હતું. આ પરિષદનો ઉદ્દેશ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્ત્વપૂર્ણ વિવિધ કાનૂની વિષયો પર અર્થપૂર્ણ સંવાદ અને ચર્ચા કરવા, વિચારો અને અનુભવોના આદાનપ્રદાનને પ્રોત્સાહન આપવાનો તથા આંતરરાષ્ટ્રીય સહકાર અને કાનૂની મુદ્દાઓની સમજણને મજબૂત કરવાનો છે. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા પ્રધાનમંત્રીએ વૈશ્વિક કાયદાકીય સમુદાયનાં મહાન લોકો સાથે આદાનપ્રદાન કરવાની તક મળતાં આનંદની લાગણી વ્યક્ત કરી હતી. ઈંગ્લેન્ડના લોર્ડ ચાન્સેલર શ્રી એલેક્સ ચોક અને બાર એસોસિયેશન ઓફ ઈંગ્લેન્ડના પ્રતિનિધિઓ, કોમનવેલ્થ અને આફ્રિકન દેશોના પ્રતિનિધિઓ અને દેશભરના લોકોની ઉપસ્થિતિનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય વકીલોની પરિષદ ૨૦૨૩ 'વસુધૈવ કુટુમ્બકમ'ની ભાવનાનું પ્રતીક બની

ગઈ છે. પ્રધાનમંત્રીએ ભારતમાં વિદેશી મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું અને આ કાર્યક્રમના આયોજનમાં આગેવાની લેવા બદલ બાર એસોસિએશન ઓફ ઈન્ડિયાનો આભાર પણ માન્યો હતો. પ્રધાનમંત્રીએ કોઈ પણ દેશના વિકાસમાં કાનૂની સમુદાયની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, "વર્ષોથી ન્યાયતંત્ર અને બાર ભારતની ન્યાયિક વ્યવસ્થાના સંરક્ષક રહ્યા છે." પ્રધાનમંત્રી મોદીએ સ્વતંત્રતા સંગ્રામમાં કાનૂની વ્યાવસાયિકોની ભૂમિકા પર પણ પ્રકાશ પાડ્યો હતો. તેમણે મહાત્મા ગાંધી, બાબા સાહેબ આંબેડકર, બાબુ રાજેન્દ્ર પ્રસદ, જવાહરલાલ નહેરુ, સરદાર પટેલ, લોકમાન્ય તિલક અને વીર સાવરકરનાં ઉદાહરણો આપ્યાં હતાં. તેમણે ઉમેર્યું હતું કે, "કાયદાકીય વ્યવસાયનાં અનુભવે સ્વતંત્ર ભારતનો પાયો મજબૂત કરવાનું કામ કર્યું છે અને આજની નિષ્પક્ષ ન્યાયિક વ્યવસ્થાએ ભારતમાં વિશ્વનો વિશ્વાસ વધારવામાં પણ મદદ કરી છે." પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય વકીલોની પરિષદ એવા સમયે યોજાઈ રહી છે, જ્યારે દેશ કેટલાંક ઐતિહાસિક નિર્ણયોનો સાક્ષી બન્યો છે તથા તેમણે લોકસભા અને રાજ્યસભામાં નારી શક્તિ વંદન અધિનિયમ પસાર થવાનું યાદ કર્યું હતું, જે લોકસભા અને વિધાનસભામાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપવાનો અધિકાર આપે છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "નારી શક્તિ વંદન કાયદો ભારતમાં મહિલાઓની આગેવાની હેઠળના વિકાસને નવી દિશા અને ઊર્જા પ્રદાન કરશે." તેમણે એમ પણ જણાવ્યું હતું કે, નવી દિલ્હીમાં તાજેતરમાં સંપન્ન થયેલી જી-૨૦ સમિટમાં દુનિયાને ભારતની લોકશાહી, વસતિ અને મુત્સદ્દીગીરીની ઝલક જોવા મળી હતી. એક મહિના અગાઉ આજના જ દિવસે પ્રધાનમંત્રીએ યાદ કર્યું હતું કે, ભારત દુનિયાનો પ્રથમ એવો દેશ બન્યો હતો કે, જેણે ચંદ્રયાન-૩ને ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતાપૂર્વક ઉતરાણ કર્યું હતું. આ સિદ્ધિઓ પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આજનું ભારત, જે આત્મવિશ્વાસથી ભરેલું છે, તે વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'નાં લક્ષ્યાંકને સાકાર કરવા કામ કરી રહ્યું છે. તેમણે વિકસિત રાષ્ટ્રના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે ભારતમાં કાનૂન વ્યવસ્થા માટે મજબૂત, સ્વતંત્ર અને નિષ્પક્ષ પાયા બનાવવાની જરૂરિયાત પણ વ્યક્ત કરી હતી. પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આંતરરાષ્ટ્રીય વકીલોની પરિષદ ૨૦૨૩ અતિ સફળ સાબિત થશે અને દરેક દેશને અન્ય દેશોની શ્રેષ્ઠ પદ્ધતિઓમાંથી શીખવાની તક મળશે. પ્રધાનમંત્રી મોદીએ આજની દુનિયાનાં ઊંડા જોડાણ વિશે વિસ્તૃત વર્ણન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, આજે દુનિયામાં એવી ઘણી તાકાતો છે, જેને સરહદો અને અધિકારક્ષેત્રની કોઈ પરવા નથી. તેમણે જણાવ્યું હતું કે, "જ્યારે જોખમો વૈશ્વિક હોય છે, ત્યારે તેમની સાથે વ્યવહાર કરવાની રીતો પણ વૈશ્વિક હોવી જોઈએ." તેમણે સાયબર આતંકવાદ, મની લોન્ડરિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના દુરુપયોગની શક્યતાઓ પર ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે, આ પ્રકારનાં મુદ્દાઓ પર વૈશ્વિક માળખું તૈયાર કરવું અમાત્ર સરકારી બાબતોથી આગળ છે, પણ વિવિધ દેશોનાં કાયદાકીય માળખા વચ્ચે જોડાણની જરૂર છે. વૈકલ્પિક વિવાદ સમાધાન પર બોલતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, વાણિજ્યિક વ્યવહારોની જટિલતામાં વધારો થવાથી એડીઆરનું સમગ્ર વિશ્વમાં ચલણ વધ્યું છે. તેમણે કહ્યું કે ભારતમાં વિવાદ નિવારણની અનૌપચારિક પરંપરાને વ્યવસ્થિત કરવા માટે, ભારત સરકારે મધ્યસ્થી કાયદો બનાવ્યો છે. એ જ રીતે લોક અદાલતો પણ મોટી ભૂમિકા ભજવી રહી છે અને લોકઅદાલતોએ છેલ્લા ૬ વર્ષમાં ૭ લાખ જેટલા કેસોનો ઉકેલ લાવી દીધો છે. ન્યાય પ્રદાન કરવાનાં મહત્ત્વપૂર્ણ પાસા પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ ભાષા અને કાયદાની સરળતાનો ઉલ્લેખ કર્યો હતો. પ્રધાનમંત્રીએ સરકારનાં અભિગમ વિશે જાણકારી આપી હતી અને કોઈ પણ કાયદાને બે ભાષામાં પ્રસ્તુત કરવા સંબંધિત ચાલી રહેલી ચર્ચા વિશે જાણકારી આપી હતી – એકમાં કાયદાકીય વ્યવસ્થા ટેવાયેલી છે અને બીજી સામાન્ય નાગરિકો માટે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "નાગરિકોને એવું લાગવું જોઈએ કે આ કાયદો તેમનો જ છે." શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, સરકાર સરળ ભાષામાં નવા કાયદાઓનો મુસદ્દો તૈયાર કરવાનો પ્રયાસ કરી રહી છે અને તેમણે ડેટા સંરક્ષણ કાયદાનું ઉદાહરણ આપ્યું હતું. પ્રધાનમંત્રીએ ભારતની સર્વોચ્ચ અદાલતને તેના ચુકાદાઓને ૪ સ્થાનિક ભાષાઓ હિંદી, તમિલ, ગુજરાતી અને ઉડિયામાં અનુવાદિત કરવા માટેની વ્યવસ્થા કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા તથા ભારતની ન્યાયિક વ્યવસ્થામાં થયેલા મહાન પરિવર્તનને બિરદાવ્યું હતું. અંતે પ્રધાનમંત્રીએ ટેકનોલોજી, સુધારા અને નવી ન્યાયિક પ્રક્રિયાઓ મારફતે કાયદાકીય પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવાના માર્ગો શોધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

તેમણે કહ્યું કે તકનીકી પ્રગતિએ ન્યાયિક પ્રણાલી માટે નવા માર્ગો ખોલ્યા છે અને કાનૂની વ્યવસાય દ્વારા તકનીકી સુધારાઓનો લાભ લેવા હાકલ કરી છે. આ પ્રસંગે ભારતના મુખ્ય ન્યાયાધીશ ડો. ડી. વાય. ચંદ્રચુડ, કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી શ્રી અર્જુન રામ મેઘવાલ, ભારતના એટર્ની જનરલ શ્રી આર. વેંકટરામની, ભારતના સોલિસિટર જનરલ શ્રી તુષાર મહેતા, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરમેન શ્રી મનન કુમાર મિશ્રા અને યુકેના લોર્ડ ચાન્સેલર, શ્રી એલેક્સ ચાક વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આમજા ખાતે માણસા ના લોકપ્રિય ધારાસભ્ય શ્રી જે.એસ. પટેલ સાહેબે આરતી ઉતારી ધન્યતા અનુભવી

કમલમ્ ન્યુઝ,

આમજા ખાતે મા અંબા ના ધામ અંબાજી ખાતે આજથી આનંદ, ઉત્સાહ અને ભક્તિભર્યા માહોલમાં શ્રી માણસા ના લોકપ્રિય ધારાસભ્ય શ્રી જે. એસ. પટેલ સાહેબ હસ્તે ભાદરવી પૂનમના મહામેળાનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સમયે ઉપસ્થિત પદયાત્રિકોએ માતાજીના ગગનચૂંબી જયઘોષ કર્યા હતા. માણસા ના લોકપ્રિય ધારાસભ્ય શ્રી જે. એસ. પટેલ સાહેબ દ્વારા આરતી ઉતારી ધન્યતા અનુભવી. મહાનુભાવોએ સેવા કેમ્પમાં ભક્તિભાવથી માતાજીની પૂજા-અર્ચના કરી મેળાની સફળતા માટે અને લાખો માઈભક્તોની અંબાજીની યાત્રા સુખરૂપ નિવડે એ માટે માતાજીને પ્રાર્થના કરી હતી. અંબાજી ભાદરવી પૂનમના મહામેળાનો પ્રારંભ થયો છે. આ મેળામાં દૂર દૂરથી પદયાત્રા કરીને ખુબ મોટી સંખ્યામાં માઈભક્તો અંબાજી આવવાની શરૂઆત થઈ ગઈ છે. મેળામાં આવતા માઈભક્તોની સેવામાં ખરા ઉતરવા અમને માતાજી શક્તિ આપે તેવી માતાજીને પ્રાર્થના કરી છે. તેમણે કહ્યું કે ભાદરવી પૂનમનો મેળામાં લાખોની સંખ્યામાં દર્શનાર્થીઓ આવવાની ધારણાને લઈને તંત્ર દ્વારા વ્યાપક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. દિવસે થોડી ગરમી, રાત્રે ઠંડક અને હરિયાળા વાતાવરણમાં માઈભકતો જય અંબે...ના જયઘોષ સાથે અંબાજી પંહોચી રહ્યા છે. રસ્તાઓ ઉપર વિવિધ સેવાકેન્દ્રોની સુવિધા અને સ્વંયસેવકો, સંચાલકોની કામગીરી સરાહનીય છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગર શહેર ભાજપ દ્વારા કરાયેલ પદયાત્રી સેવા કેન્દ્રની મુલાકાત લીધી

કમલમ્ ન્યુઝ,

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે માં અંબાના દર્શન કરવા પગપાળા અંબાજી જતા પદયાત્રીઓ માટે ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગર દ્વારા ચ-૩ સર્કલ પાસે શરૂ કરાયેલ પદયાત્રી સેવા કેમ્પની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શ્રદ્ધાળુઓ સાથે વાતચીત કરી હતી અને પદયાત્રીઓએ મુખ્યમંત્રી સાથે સ્મૃતિ રૂપે તસવીર લીધી હતી. આ તકે શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર હિતેશ મકવાણા, સંગઠનના પદાધિકારીઓ, અગ્રણીઓ, નગરસેવકો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

ભારત સરકારશ્રીના પેય જળ અને સ્વચ્છતા વિભાગ દ્વારા દર વર્ષનીજેમ આ વર્ષે પણ ૧૫મી સપ્ટેમ્બરથી ૧૫મી ઓક્ટોબર, ૨૦૨૩ સુધીદેશવ્યાપી ''સ્વચ્છતાહીસેવા''ઝુંબેશનુંઆયોજન કરવામાંઆવ્યું છે. આઉજવણીકરવાનોઉદ્દેશભારતીયસ્વચ્છતાલીગ ૨.૦,સફાઈમિત્ર સુરક્ષા શિબિર અને સામુહિક સ્વચ્છતા અભિયાન જેવી વિવિધ પ્રવૃત્તિઓ મારફતે દેશભરમાં કરોડો નાગરિકોની ભાગીદારી એકઠી કરવાનો છે. તાપી જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી વી. એન. શાહના સફળ માર્ગદર્શન હેઠળ અબાલ-વૃદ્ધસૌકોઈને આ ઝુંબેશમાં જોડી સક્રિય રીતે સ્વચ્છતા જાળવવા પ્રત્યે જાગૃત કરવામાં આવી રહ્યા છે. આ સમગ્ર પ્રક્રિયામાંબાળકો મહત્વની કડી છે. બાળકોના મનમાંસ્વચ્છતાજાળવવા નાનપણથી એક સારી ટેવરૂપે આદત વિકસાવવામાં આવે તો દેશનું ભવિષ્ય એવાબાળકો આવનાર સમયમાં સમાજ માટે એક શ્રેષ્ઠ ઉદાહરણ બની શકે છે. આ બાબતને ગંભીરતાથી નોંધ લઈ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તાપીઅને પ્રાથમિક શિક્ષણાધિકારી તાપીના સહયોગથી પ્રાથમિક શાળાઓમાં વિવિધસ્વચ્છતાલક્ષી પ્રવૃતિઓ યોજાઈ રહીછે.જેમાં ખુશીની બાબત એ છેકે સ્વચ્છતાજાળવવાનીનેમસાથેતમામશાળાઓમાં બાળકો ઉત્સાહપૂર્વકસરકારશ્રીનામહાઅભિયાનમાંજોડાઈરહ્યાછે. તાપી જિલ્લામાં તાજેતરમાં વ્યારા તાલુકાના "માયપુર " ગામ ના પ્રાથમિક શાળા ખાતે ચિત્ર સ્પર્ધા કરવામાં આવી હતી. કુંભરાડ તાલુકો ઉચ્છલમાં શાળાના બાળકોમાટે સ્વચ્છતા અંગેની ચિત્ર સ્પર્ધારાખવામાં આવીઅને શાળાના બાળકો દ્વારાસુકો કચરોઅને ભીનોકચરો અલગનાખવાઅંગે સ્વચ્છતા સંદેશ આપવામાં આવ્યો હતો. સોનગઢ તાલુકાના આમલપાડા ગામની પ્રાથમિક શાળામાં હેન્ડવોશ ડેમોસ્ટ્રેશન અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વાલોડ તાલુકાની રાનવેરી પ્રાથમિક શાળામાં નાના બાળકોનેસ્વચ્છતાલક્ષી પેઈન્ટિંગનીએક્ટીવીટી કરવામાંઆવી હતી.વ્યારા ગ્રામપંચાયતના મદાવખાતેહેંડવોશ પ્રવૃતિ, ઈન્દુ ગામ ખાતે ચિત્ર સ્પર્ધા, ઉચ્છલ તાલુકાના વડપાડા નેસુ પ્રાથમિક શાળામાં નિબંધ સ્પર્ધા વિવિધ સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. આ સાથે ''સ્વચ્છતાહીસેવા''ઝુંબેશઅંતર્ગત''ગાર્બેજફ્રીઈન્ડિયા''થીમઅન્વયેતાપી જિલ્લામાંવિવિધકાર્યક્રમોનુંઆયોજનકરવામાંઆવી રહ્યું છે.આ ઉપરાંત સ્થાનિક નાગરિકોની સાથે મેળી સ્વચ્છતા ઝુંબેશમાં જાહેર સ્થળોની સાફ-સફાઈ, સફાઈ મિત્રોમાટે હેલ્થચેકઅપ કેમ્પ, સખીમંડળની બહેનો સાથેબેઠક, જળાશયોની નજીકના વિસ્તારોને સ્વચ્છ રાખવાઅને તેની આસપાસવૃક્ષારોપણ કરવું, હાટ બજારોમાંસિંગલ યુઝપ્લાસ્ટિકની આડ અસરો વિશે જાગૃતિ ફેલાવવા, ઘરેઘરેથી એકત્રિતથતા કચરા (સુકો અને ભીનો)ને અલગ કરવા માટે જાગૃતિ, એકત્રિત થયેલા ભીના કચરાનો કમ્પોસ્ટપિટના ઉપયોગથી નિકાલજેવે વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવીરહી છે.

કમલમ્ ન્યુઝ,

રાજકોટ ડેરીના ઈક્મટેક્સ વિભાગ નાપ્રશ્નો નીરજૂઆત કેન્દ્રીય મંત્રી માનનીય શ્રી પરષોત્તમ રૂપાલા સાહેબ તેમજ કેન્દ્રીય મંત્રી માનનીય શ્રી મનસુખભાઈ માંડવીયાસાહેબ ને કરેલ અને જેતે પ્રશ્નો નો તાત્કાલીક ધોરણે હલ કરવાસુચના આપેલ

કમલમ્ ન્યુઝ,

ખેડા જિલ્લાના રતનપુર ગામેઅમૃત મહોત્સવ પૂર્ણાહુતિ નિમિતે સરકાર દ્વારા મારી માટી મારો દેશ ના પાંચ પ્રતિગ્ન મારો ગામ સ્વચ્છ મારો ફળિયા સ્વચ્છ અને મારુંઘર સ્વચ્છ અને પર્યાવરણ વિગેરે બાબતે રતનપુર ગામે કન્યા કેળવણી અને કન્યા શાળા મારફતે ગામના લોકો માટે ગામ ફેરી કરવામાં આવી અને લોકોને જાગૃત કરવા માટે ભાગોળ ઉપર પ્રતિગ્નઆલેવડાવ્યા અને રાષ્ટ્રીય ગીત ગાઈ રસ્તાસાફસૂફી કરવામાં આવ્યો હતો અને નાગરિકો હાજર રહ્યા હતા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદના નવા નરોડા ખાતે ધી સૌરાષ્ટ્ર કો- ઓપરેટીવ બેંક લિમિટેડની ૫મી નવી શાખાનો શુભારંભ

સૌરાષ્ટ્ર કો-ઓપરેટીવ બેંક લિમિટેડે આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આપવામાં આવેલો મંત્ર સહકારથી સમૃદ્ધિ સાકાર કર્યો -: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદના નવા નરોડા ખાતે ધી સૌરાષ્ટ્ર કો- ઓપરેટીવ બેંક લિમિટેડની અત્યાધુનિક સુવિધાસહિતની ૫મી નવી શાખાનો શુભારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા પણ ઉપસ્થિતિ રહ્યા હતા. સૌરાષ્ટ્ર કો- ઓપરેટીવ બેંક લિમિટેડની ૫મી નવી શાખાના શુભારંભ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રપટેલે કહ્યુંકે, સૌરાષ્ટ્ર કો-ઓપરેટીવબેંક લિમિટેડે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આપવામાં આવેલો મંત્ર સહકારથી સમૃદ્ધિ ને સાકાર કર્યો છે. સહકારીક્ષેત્ર કેવીરીતે આગળ વધી રહ્યું છે તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આ બેંકે પૂરું પાડ્યું છે. આમ, આજે વિકસિત રાષ્ટ્રના ધ્યેને સહકારિતા ક્ષેત્ર સાકાર કરી રહ્યું છે એમ મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું. આ સંદર્ભમાં તેમણે વધુમાંકહ્યું કે, ચાર લાખના ભંડોળ થકી શરૂ થયેલીઆ બેંક આજે રૂપિયા ૩૦૦ કરોડનીબેંક બની ગઈ છેઅને આ માત્ર એક વિશ્વાસ અને સહકારથી જ આ શક્ય બન્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલો મંત્ર સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો પ્રયાસ અને સૌના વિશ્વાસ થકી આજે સહકારિતા ક્ષેત્ર અનેક સિદ્ધિઓ હાંસલ કરી રહ્યુંછે. આજે આ ક્ષેત્ર એકબીજાના સહકારથી આગળવધી રહ્યાંછે અનેએનું મોટા ઉદાહરણ આજે અનેક કો - ઓપરેટિવ બેંકોએ પૂરા પાડ્યા છે. કો ઓપરેટીવ સેક્ટરના વહીવટી તંત્રમાં વિશ્વાસ થકી આજે આ ક્ષેત્ર ઉતરોતર પ્રગતિ કરી રહ્યું છે એમ તેમણે વધુમાંઉમેર્યુ હતુ. મુખ્યમંત્રી શ્રીએસહકારિતા ક્ષેત્રની વાત કરતા કહ્યુંકે, સહકારી ક્ષેત્રમાં કેવી તાકાત હોય છે તેનું મોટું ઉદાહરણ વડાપ્રધાન શ્રીએ દેશમાં પ્રથમવાર સહકારિતામંત્રાલય શરૂ કરીને પૂરું પાડ્યું છે. આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના માર્ગદર્શનમાં આ સહકારી ક્ષેત્ર દેશભરમાં સતત પ્રગતિ કરી રહ્યું છે. કોરોનામાં વિશ્વભરના અનેક અર્થતંત્ર પડી ભાંગ્યા હતા ત્યારે ભારતનું અર્થતંત્ર સતત આગળ વધી રહ્યું હતું. હવે ૨૦૨૪માં શ્રી નરેન્દ્રભાઈ મોદી ફરી વખત વડાપ્રધાન બનશે ત્યારે આપણું અર્થતંત્ર વિશ્વમાં ત્રીજા સ્થાને અવશ્ય પહોંચશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. આ અવસરે રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ કહ્યું કે, અમદાવાદના બાપુનગરમાં ૮ મે ૧૯૮૩માં પ્રથમ બ્રાન્ચની શરુઆત થઈ હતી, ત્યારથી અત્યાર સુધીની ૪૧ વર્ષ સુધીની સફરમાં નાનામાં નાના મીલ કામદારોના ૧૦૦-૧૦૦ રૂપિયાના ભંડોળ થકી આજે સૌરાષ્ટ્ર કો-ઓપરેટીવ બેંકલિમિટેડ એક વટવૃક્ષ બની ગયું છે તેમણે વધુમાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રિય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં ગુજરાતઆજે સહકારીતા ક્ષેત્રે અનેક સિદ્ધિઓ હાંસલ કરી રહ્યુંછે. દેશભરમાંઆજે સહકારીતા ક્ષેત્રમાં ગુજરાતઅગ્રેસરની ભૂમિકા પણભજવી રહ્યું છે એમમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યુ હતુ. આપ્રસંગે સૌરાષ્ટ્ર કો-ઓપરેટીવ બેંક લિમિટેડના ડિરેક્ટર શ્રી વલ્લભભાઈ જી. કાકડીયાએ કહ્યુંકે, ૪૧ વર્ષપહેલાં જ્યારે પૂર્વ વિસ્તારમાં કોઈ કો- ઓપરેટીવ બેંક નહોતી ત્યારે માત્ર ૪ લાખ ડિપોઝિટ થકી આ બેંકનો પ્રારંભ થયો હતો. આજે આ બેંક કો-ઓપરેટીવ બેંકસેક્ટરમાંપોતાનું આગવું સ્થાન ધરાવે છે. આ બેંકની સવિશેષ કામગીરીની વાત કરતા કહ્યું કે, આ બેંક દ્વારા ૧૦ હજાર બહેનોને લોન આપવામાંઆવી છે. સૌરાષ્ટ્ર કો-ઓપરેટીવ બેંક લિમિટેડની ૫મી નવી શાખાનો શુભારંભ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વડાપ્રધાન શ્રીના ૭૩ વર્ષ પૂર્ણ થયા નિમિત્તે ૭૩ આંગણવાડીના બાળકોને ફળ અને મીઠાઈ આપવામા આવી હતી. આ સાથે બેંકના ગ્રાહકોનું સન્માન પણ મુખ્યમંત્રીશ્રી દ્વારા કરવામાં આવ્યુ હતું. આ અવસરે અમદાવાદના મેયર સુશ્રી પ્રતિભા જૈન, ધારાસભ્ય શ્રી બાબુભાઈ પટેલ, ધી સૌરાષ્ટ્રકો-ઓપરેટીવબેંક લિમિટેડના ચેરમેન શ્રીકનુભાઈ જે. પટેલ, વાઈસ ચેરમેન શ્રી પરસોત્તમભાઈ એચ. વેકરીયા, ડિરેક્ટર શ્રી વલ્લભભાઈ જી. કાકડીયા તેમજ વિવિધ સમાજના આગેવાનો, આંગણવાડી બહેનો તેમજ મોટી બેંકનો સ્ટાફ અને તમેના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદ જિલ્લાની અનોખી પહેલ : વિઘ્નહર્તાના લઈ આશીર્વાદ, વધુ એક કદમ મેલેરિયા એલિમિનેશન તરફ

કમલમ્ ન્યુઝ, વિરમગામ

ગણેશ ચતુર્થીના પાવન દિવસથી અમદાવાદ જિલ્લાના વિવિધ ગામો સહિત દેશભરમાં ગણપતિ ઉત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. ગણપતિ ઉત્સવમાંમોટી સંખ્યામાંલોકો એકત્રિત થતાં હોવાથીલોકોને આધ્યાત્મની સાથે આરોગ્યલક્ષી શિક્ષણ આપવાની અનોખી પહેલ અમદાવાદ જિલ્લાના આરોગ્ય વિભાગ, મેલેરિયા શાખા દ્વારા કરવામાં આવી છે. અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી એમ કે દવે અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. શૈલેષ પરમારના માર્ગદર્શન હેઠળ વિરમગામ સહિત અમદાવાદ જિલ્લાના વિવિધ ગામોમાં ગણપતિ ઉત્સવ દરમિયાન જે સમયે મોટી સંખ્યામાં લોકો એકત્રિત થાય છે તેવાસમયે આરોગ્ય વિભાગના મલ્ટીપર્પઝહેલ્થવર્કર, ફિમેલહેલ્થ વર્કર, આશા સહિતના અધિકારીઓ કર્મચારીઓ દ્વારા મેલેરિયા ડેન્ગ્યુ ચિકનગુનિયા સહિતના વાહકજન્ય રોગો અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. આ કામગીરીનું સુપરવાઈઝર, તાલુકા અને જિલ્લા કચેરીએથી સપોર્ટ સુપરવિઝન પણ કરવામાં આવીરહ્યું છે. અમદાવાદ જિલ્લામાંગણપતિ ઉત્સવ દરમિયાન એક સાથે એક થીમ "વિઘ્નહર્તાના લઈ આશીર્વાદ, વધુ એક કદમ મેલેરિયા એલિમિનેશન તરફ" અંતર્ગત પ્લે કાર્ડ, સ્ટીકર, બેનર્સ, પત્રિકા સહિતના આઈ.ઈ.સી સાહિત્યનો ઉપયોગ કરીને લોકોમાંજનજાગૃતિ કરવામાં આવીરહી છે. વિઘ્નહર્તા ભગવાન ગણેશજીના આશીર્વાદથી આપણે ચોક્કસ મેલેરિયાએલિમિનેશન તરફ વધુ એક કદમ આગળ વધીશું. તેમ નરેન્દ્રસિંહ રાઠોડ, જિલ્લા મેલેરિયા અધિકારી- અમદાવાદે જણાવ્યું હતું.

આનંદ, ઉત્સાહ અને ભકિતભર્યા માહોલમાં કલેકટરશ્રી વરુણકુમાર બરનવાલના હસ્તે અંબાજી ભાદરવી પૂનમ મહામેળાનો વિધિવત પ્રારંભ

ભાદરવી પૂનમના મહામેળામાં લાખોની સંખ્યામાં દર્શનાર્થીઓ આવવાની ધારણાને લઇને તંત્ર દ્વારા વ્યાપક સુવિધાઓ ઉપલબ્ધ કરાઈ:--કલેકટરશ્રી વરુણકુમાર બરનવાલ

કમલમ્ ન્યુઝ,

મા અંબાના ધામ અંબાજી ખાતેઆજથી આનંદ, ઉત્સાહ અને ભક્તિભર્યા માહોલમાં શ્રી આરાસુરી અંબાજીમાતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ બનાસકાંઠા જિલ્લા કલેકટર શ્રી વરુણકુમાર બરનવાલના હસ્તે ભાદરવી પૂનમના મહામેળાનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યોહતો. વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીખાતે તા. ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર દરમિયાન યોજાઈ રહેલા ભાદરવી પૂનમના મહામેળાનો આજે અંબાજી ખાતે દાંતા રોડ ઉપર વેંકેટેશ માર્બલ નજીક કલેકટરશ્રીએ શ્રીફળવધેરી માતાજીના રથ ને થોડેક સુધી દોરીને મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. આ સમયે ઉપસ્થિત પદયાત્રિકોએ માતાજીના ગગનચૂંબી જયઘોષ કર્યા હતા. ત્યારબાદ કલેકટર શ્રી સહિત મહાનુભાવોએ સેવા કેમ્પમાં શાસ્ત્રોક્ત રીતે ભક્તિભાવથી માતાજીની પૂજા- અર્ચના કરી મેળાની સફળતા માટે અને લાખો માઈ ભક્તોની અંબાજીની યાત્રા સુખરૂપ નિવડે એ માટે માતાજીને પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે મિડીયાને માહિતી આપતાં કલેકટરશ્રીવરુણકુમાર બરનવાલે જણાવ્યું હતું કે, આજથી સાત દિવસીય અંબાજી ભાદરવી પૂનમના મહામેળાનો પ્રારંભ થયો છે. આ મેળામાં દૂર દૂરથી પદયાત્રા કરીને ખુબ મોટી સંખ્યામાં માઈભકતો અંબાજી આવવાની શરૂઆત થઈ ગઈ છે. મેળામાં આવતા માઈભક્તોની સેવામાં ખરા ઉતરવાઅમને માતાજી શક્તિ આપે તેવી માતાજીને પ્રાર્થના કરી છે. તેમણે કહ્યું કે ભાદરવી પૂનમનો મેળામાં લાખોની સંખ્યામાં દર્શનાર્થીઓ આવવાની ધારણાને લઈને તંત્ર દ્વારા વ્યાપક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવીછે. મેળામાં આવતા લાખો યાત્રિકોને વિનામૂલ્યે ભોજન મળી રહે એ માટે ૩ જગ્યાએ વ્યવસ્થા કરવામાં આવી છે. જે અંતર્ગત દિવાળીબા ભવન, ગબ્બર તળેટી અને અંબિકા ભોજનલયમાં વ્યવસ્થા કરવામાં આવી છે. અંબાજી, ગબ્બર અને રસ્તાઓ ઉપર વિસામો, આરોગ્ય, વીજળી, પીવાનું પાણી, સુરક્ષા, પરિવહન અને પાર્કિંગ સહિત તમામ વ્યવસ્થાઓપુરતા પ્રમાણમાં ઉપલબ્ધ બનાવાઈ હોવાનું કલેક્ટર શ્રીએ જણાવ્યુહતું. અંબાજી ભાદરવી મેળો શરૂ થતા અંબાજી તરફના તમામ રસ્તાઓ રાત-દિવસ યાત્રિકોથી ભરચક રહેશે. અંબાજી વિસ્તારના ડુંગરાઓમાં જાણે નવી ચેતનાનો સંચાર થશે. દિવસે થોડીગરમી, રાત્રેઠંડક અને હરિયાળાવાતાવરણમાં માઈભક્તો જય અંબે...ના જયઘોષ સાથે અંબાજીપહોંચી રહ્યાછે. રસ્તાઓ ઉપર વિવિધ સેવાકેન્દ્રોની સુવિધા અને સ્વંયસેવકો, સંચાલકોની કામગીરીસરાહનીય છે. ભાદરવી મહામેળાના પ્રારંભ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્વપ્રિલ ખરે, ઈ. ચા. પોલીસ અધિક્ષકશ્રી તેજસ પટેલ, મદદનીશ કલેકટરશ્રી સ્વપ્રિલ સિસલે,અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદાર સુશ્રી સિદ્ધિબેન વર્મા સહિત અધિકારીઓ અને હજારો માઈભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

૧૫૧ ફૂટ તિરંગા સાથે નો દિપોરામ લીમખેડા સંઘ માલપુર આવી પહોંચતા ભવ્ય સ્વાગત

કમલમ્ ન્યુઝ, ધાર્મિક ભટ્ટ

સમગ્ર ગુજરાત ભર ના યાત્રાળુઓ માઁ અંબા ના દર્શનાર્થે પગપાળા અંબાજી જઈ રહ્યા છે ત્યારે સતત ૧૬ વર્ષ થી પગપાળા અંબાજી જતા દાહોદ જિલ્લાના લીમખેડા ના દિપોરામ સંઘ ૧૫૧ ફૂટ નો તિરંગો અને ૫૫૨ ગજ ની ધજા લઈ માલપુર આવી પહોંચતા ભવ્ય આતિશબાજી સાથેમાં અંબા ના જયઘોષ થી દિપોરામ સંઘ પદયાત્રીઓ, તેમજ પ્રમુખ વિકાસસિંહ નું સ્વાગત કરવામાં આવ્યું હતું. સમગ્ર માલપુર માં ૧૫૧ ગજનો તિરંગો આકર્ષણ નું કેન્દ્ર બન્યો હતો. સૌ પદયાત્રીઓ નું મોઢું મીઠું કરાવી સંઘ નું સ્વાગત કરવાસનાતન વર્લ્ડ ગુજરાત પ્રદેશ અધ્યક્ષહર્ષુ પંડયા, માલપુર તાલુકા પંચાયત પ્રમુખ ભાગ્યશ્રીબેન પંડયા, મયુર દરજી, બ્રહ્મસમાજ માલપુર પ્રમુખ રાજેશભાઈ ગોર, યુવા મોરચા પ્રમુખ કશ્યપ પટેલ, સચિન કડીયા તેમજ હિન્દૂ યુવા વાહીની ના કાર્યકરો, માલપુર ગ્રામજનો ની ઉપસ્થિતી માં કરવા માંઆવ્યુંહતું. સૌનગરજનો સ્વસ્થ અને તંદુરસ્ત રહે તેવી માઁઅંબા ને પ્રાર્થના કરી હતી.

વલસાડની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના સ્પે. આસિસ્ટન્ટનો વિદાય સમારોહ યોજાયો

પરિવાર દ્વારા રંગમંચ પર રજૂ કરાયેલી ''રિશ્તો કી રમઝટ'' નાટિકા આકર્ષણનું કેન્દ્ર બની

બેંકના ગ્રાહકો જ જ્યોત્સનાબેન માટે સર્વોપરી રહ્યા હતાઃ બ્રાંચ મેનેજર રોહિણી ગોયલ

કમલમ્ન્યુઝ, વલસાડ

વલસાડ શહેરના મોટા બજાર સ્થિત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની મેઈન બ્રાંચમાં સ્પેશિયલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા જયોત્સનાબેન જી. સોલંકીવય મર્યાદાનાકારણે નિવૃત્ત થતા તેમનો યાદગાર નિવૃત્તિ વિદાય સમારોહ તિથલ રોડ પર સ્થિત ''પરિવાર'' બેંકવેટ હોલમાં યોજાયો હતો. સ્ટેટ બેંક અને યુનિયન દ્વારા જયોત્સનાબેનનું શાલ, નાળિયેર અને સ્મૃતિભેટથી સન્માન કરી શાનદાર વિદાય આપવામાં આવી હતી. આ પ્રસંગે સ્ટેટ બેંકના બ્રાંચમેનેજર રોહિણી ગોયલે જ્યોત્સનાબેનની ફરજ પ્રત્યેની નિષ્ઠાને બિરદાવીજણાવ્યું કે, બેંકમાં ગ્રાહકો જ તેમના માટે સર્વોપરીહતા. ખાસકરીને સિનિયર સિટિઝનોપ્રત્યેનો તેમનો સેવાભાવ ખૂબ જ લાગણીશીલ રહ્યો છે. એસબીઆઈ એમ્પ્લોઈઝ યુનિયનના રીજિયોનલ સેક્રેટરી રાજેશભાઈ પટેલ અને યુનિયનના એક્સ રીજિયોનલ સેક્રેટરી શાંતિલાલભાઈ જેઠવાએ સેવા નિવૃત્ત થનાર જ્યોત્સનાબેનની ૩૪ વર્ષની સફળતાપૂર્વકની નોકરીને બિરદાવી તેમનું આગામી જીવન નિરોગી રહે તેમજ સુખ, શાંતિ અને સમૃધ્ધિથી સભર રહે એવી મંગલ કામનાકરી હતી.પોરબંદરની લીડ બેંક (સ્ટેટ બેંક)ના નાણાકીય સાક્ષરતા સલાહકાર કમલેશભાઈ ગોહેલે બેંકમાં ફરજ દરમિયાન કસ્ટમરોસાથેના જ્યોત્સનાબેનના સંસ્મરણો વાગોળી તેમની બેંક પ્રત્યેની વફાદારી અને નિષ્ઠાને સન્માનિત કરી હતી. વલસાડના નવરંગ ડાન્સ એકેડમીના ડિરેક્ટર શૈલેષભાઈ જૈને સ્ટટે બેંકના સ્ટાફ દ્વારા વેલકમ એન્ટ્રી અને ડાન્સ કૃતિને તેમજ જ્યોત્સનાબેનના પરિવાર દ્વારા રંગમંચ પર રજૂ કરાયેલી ''રિશ્તો કી રમઝટ'' નાટિકાને બિરદાવી હતી. સંબંધો અને પરિવારનું મહત્વ સમજાવતી આ નાટિકાને નિહાળી અનેક લોકોની આંખો પણ ભીની થઈ હતી. સેવા નિવૃત્ત થનાર જ્યોત્સનાબેન સોલંકીએ પોતાનો પ્રતિભાવઆપતા જણાવ્યું કે, સ્ટેટ બેંકમાં મારી નોકરી ન હોત તો હું મારા જીવનની કલ્પના પણ ના કરી શકુ. સ્ટેટ બેંક થકી જ સમાજમાં મોભાદાર સ્થાન મળ્યુ. બેંકમાંએક સમય એવોઆવ્યો હતોકે, જ્યારે નવી ટેકનોલોજીના કારણે કર્મચારીઓવીઆરએસ (સ્વૈચ્છિક નિવૃત્તિ) લઈ રહ્યા હતા તે સમયે હિંમતહાર્યા વિનાટેકનોલોજી સાથે તાલ મેળવીબેંકના ગ્રાહકોની સેવા કરી ૩૪ વર્ષની નોકરી સફળતા સાથે પૂર્ણ કરી હોવાનો આનંદ છે. આ દરમિયાન મને સાથ સહકાર આપનાર તમામનો આભાર માનુ છું. આ પ્રસંગે વલસાડ જિલ્લાની સ્ટેટ બેંકની અલગઅલગ શાખાના અધિકારી-કર્મચારીઓ અને જ્યોત્સનાબેનના પરિવારમાંથી પુત્ર જિજ્ઞેશ જી.સોલંકી, જીતેન્દ્ર જી. સોલંકી, પુત્રવધુ દક્ષા સોલંકી, મોનિકા સોલંકી, પૌત્ર આર્યન સોલંકી અને પૌત્રી રેની સોલંકી સહિત સગાસંબંધીઅને મિત્રવર્તુળ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આહવા ગ્રામ પંચાયતમા 'મેરી માટી-મેરા દેશ' અંતર્ગત 'કળશ યાત્રા' યોજાઈ

કમલમ્ ન્યુઝ, આહવા

મેરી માટી-મેરા દેશ' કાર્યક્રમના બીજા ચરણમાં ડાંગ જિલ્લાની ગ્રામ પંચાયતોમા 'કળશ યાત્રા'નું આયોજન કરવામાઆવી રહ્યુછે. જેમા આજરોજ તાલુકાપ્રમુખ શ્રીસુરેશભાઈ ચૌધરીની અધ્યક્ષતામા આહવા ખાતે'કળશ યાત્રા'યોજાઈ હતી. પોલીસ બેન્ડસાથે આહવાખાતે યોજાયેલ 'કળશયાત્રા'ના કાર્યક્રમમાંઆહવા નગરજનોએ માટી અને ચોખા એકત્ર કર્યા હતા. આ પ્રસંગે શ્રી સુરેશભાઈ ચૌધરીએ જણાવ્યુ હતુ કે, દેશના યશસ્વીવડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'મેરી માટી-મેરા દેશ' કાર્યક્રમ અંતર્ગત દેશભક્તિની જે ચેતના જગાવી છે તે માટે ગામેગામ લોકો ઉત્સાહભેર આ કાર્યક્રમમા ભાગ લઈ રહ્યા છે. ડાંગ જિલ્લાના દરેક ગામડાઓમા યુવાઓ, મહિલાઓ અને વૃધ્ધોમા દેશભક્તિના આ કાર્યક્રમમા જોડાઈ રહ્યા છે. આ કાર્યક્રમમા આહવા ગ્રામ પંચાયતના સરપંચ શ્રી હરિચંદભાઈ ભોયે, ગ્રામ પંચાયતના સભ્યો, ડાંગ જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક શ્રી એસ.જી.પાટીલ, હિસાબી અધિકારી શ્રી રતિલાલ ચૌધરી, તેમજ સ્થાનિક લોકો જોડાયા હતા.

સુબીરના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સાપ્તાહિક આરોગ્ય મેળાનુ આયોજન કરાયુ

કમલમ્ ન્યુઝ, આહવા

આયુષ્યમાન ભવ: કાર્યક્રમ અંતર્ગત ડાંગ જિલ્લાના અંતરીયાળ વિસ્તારમા આવેલ સુબીરના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સાપ્તાહિક આરોગ્ય મેળાનુ આયોજન કરવામા આવ્યુ હતુ. સુબીરના આરોગ્ય મેળામા મેડીકલ કોલજ સુરત ખાતેથી નિષ્ણાંત ડોક્ટરોની ટીમ દ્વારા નિ:શુલ્ક નિદાન અને સારવાની સેવા પુરી પાડવામા આવી હતી. જેનો લાભ સુબીર તાલુકાના વિસ્તારના કુલ ૨૩૨ લોકોએ લાભ લીધો હતો. જેમા નાક, કાન, ગળાના નિષ્ણાંત દ્વારા કુલ-૧૬ દર્દીઓની સારવાર આપવામાઆવી હતી. જનરલ સર્જન દ્વારા કુલ–૦૭, બાળરોગ નિષ્ણાંત દ્વારા કુલ-૫૪, ચામડીરોગના નિષ્ણાંતદ્વારા–૦૩, ડેન્ટલ સર્જન દ્વારા–૦૬, આંખરોગ નિષ્ણાંત દ્વારા–૦૬, સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા કુલ-૫૩, અને ફીઝીશીયન દ્વારા કુલ–૭૯ દર્દીઓની સારવાર કરવામાઆવી હતી. અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.હિમાશુ ગામીતના માર્ગદર્શન હેઠળ આયુષ્યમાન ભવ: કાર્યક્રમ અંતર્ગતસુબીર ખાતેયોજાયેલ સાપ્તાહિક આરોગ્ય મેળાને સુબીર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ગારખડી, શિંગાણા અને પીપલદહાડની હેલ્થ ટીમ દ્વારા કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

પીએમ ૨૪ સપ્ટેમ્બરે નવ વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી આપશે

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૪મી સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા નવ વંદે ભારત ટ્રેનોને લીલી ઝંડી આપશે. આ નવીવંદે ભારત ટ્રેનો સમગ્ર દેશમાં કનેક્ટિવિટી સુધારવા અને રેલ મુસાફરોને વિશ્વસ્તરીય સુવિધાઓ પૂરી પાડવાના પ્રધાનમંત્રીના વિઝનને સાકાર કરવા તરફ એક પગલું છે. આ નવ ટ્રેનો રાજસ્થાન, તમિલનાડુ, તેલંગાણા,આંધ્રપ્રદેશ, કર્ણાટક, બિહાર, પશ્ચિમ બંગાળ, કેરળ, ઓડિશા, ઝારખંડ અને ગુજરાત જેવાઅગિયાર રાજ્યોમાં કનેક્ટિવિટી વધારશે. આ વંદે ભારત ટ્રેનો તેમના સંચાલનના રૂટ પર સૌથી ઝડપીટ્રેન હશે અને મુસાફરોનો નોંધપાત્ર સમય બચાવવામાં મદદ કરશે. રૂટ પરની વર્તમાન સૌથીઝડપી ટ્રેનની સરખામણીમાં, રાઉરકેલા-ભુવનેશ્વર-પુરી વંદે ભારતએક્સપ્રેસ અને કાસરગોડ-તિરુવનંતપુરમ વંદે ભારતએક્સપ્રેસ લગભગ ૩ કલાકજેટલી ઝડપીહશે; હૈદરાબાદ-બેંગલુરુ વંદે ભારતએક્સપ્રેસ ૨.૫ કલાકથી વધુ; તિરુનેલવેલી-મદુરાઈ- ચેન્નાઈ વંદે ભારત એક્સપ્રેસ ૨ કલાકથી વધુ; રાંચી-હાવડા વંદેભારત એક્સપ્રેસ, પટના-હાવડા વંદે ભારત એક્સપ્રેસઅને જામનગર-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસલગભગ ૧ કલાક; અનેઉદયપુર -જયપુર વંદે ભારત એક્સપ્રેસ લગભગ અડધો કલાક ઝડપી હશે. દેશભરમાં મહત્વપૂર્ણ ધાર્મિક સ્થળોની કનેક્ટિવિટી સુધારવાના પ્રધાનમંત્રીના વિઝનને અનુરૂપ, રાઉરકેલા-ભુવનેશ્વર-પુરી વંદેભારત એક્સપ્રેસઅને તિરુનેલવેલી-મદુરાઈ-ચેન્નાઈ વંદે ભારત એક્સપ્રેસ પુરી અને મદુરાઈના મહત્વપૂર્ણ ધાર્મિક નગરોને જોડશે. ઉપરાંત, વિજયવાડા-ચેન્નાઈ વંદે ભારત એક્સપ્રેસરેનિગુંટા માર્ગે ચાલશે અને તિરુપતિ યાત્રાધામ કેન્દ્રને કનેક્ટિવિટીપ્રદાન કરશે. આ વંદે ભારત ટ્રેનોનીરજૂઆત દેશમાંરેલ સેવાના નવા ધોરણનીશરૂઆત કરશે. કવચ ટેક્નોલોજીસહિતની વિશ્વસ્તરીય સુવિધાઓ અને અદ્યતન સલામતી સુવિધાઓથી સજ્જઆ ટ્રેનો સામાન્ય લોકો, વ્યાવસાયિકો, ઉદ્યોગપતિઓ, વિદ્યાર્થી સમુદાય અને પ્રવાસીઓને મુસાફરીના આધુનિક, ઝડપી અને આરામદાયક માધ્યમોપ્રદાન કરવાની દિશામાં મહત્ત્વનું પગલું હશે.

એમ.એસ. યુનિવર્સિટી ઓફ બરોડા, ગુજરાત ખાતે બાયોકેમિસ્ટ્રીના પાસાઓ પર નેશનલ સિમ્પોઝિયમનું આયોજન કરવામાં આવ્યું



કમલમ્ ન્યુઝ,

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા, ગુજરાત ખાતે બાયોકેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, સાયન્સ ફેકલ્ટી દ્વારા "બાયોકેમિસ્ટ્રીના પાસાઓ" પર રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રો. (ડૉ.) વિજય કુમાર શ્રીવાસ્તવ વાઈસ-ચાન્સેલર, એમ.એસ. યુનિવર્સિટી ઓફ બરોડાએ ઉદ્ઘાટન સમારોહની અધ્યક્ષતા કરી અને પ્રેસિડેન્શિયલ ભાષણ આપ્યું. પ્રો. (ડૉ.) વિજય કુમાર શ્રીવાસ્તવે, વિદ્યાર્થીઓને નવીન ઉકેલો સાથે આવવા પ્રોત્સાહિત કર્યા. તેમણે કાર્બન ઉત્સર્જન ઘટાડવા અને નવીન રીતે પ્લાસ્ટિકનો ઉપયોગ કરવા પર પણ ભાર મૂક્યો હતો. સાયન્સ ફેકલ્ટીના ડીન પ્રો.હરિભાઈ કટારિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે યુનિવર્સિટીની એકંદર કામગીરીમાં સાયન્સ ફેકલ્ટીના યોગદાન વિશે શ્રોતાઓને માહિતગાર કર્યા હતા. પ્રો. સી. રત્ના પ્રભા કોઓર્ડિનેટર અને હેડ, બાયોકેમિસ્ટ્રી વિભાગે વિભાગના વિવિધ કાર્યો વિશે માહિતગાર કર્યા અને સિમ્પોઝિયમની થીમ અને તેના ઉદ્દેશ્યો પર વાત કરી. તેમણે IJBB વિશેષ અંક માટે તક આપવા બદલ પ્રોફેસર રંજના અગ્રવાલ, ડાયરેક્ટર CSIR-નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ કોમ્યુનિકેશન એન્ડ પોલિસી રિસર્ચ, (CSIR-NIScPR), નવી દિલ્હીનો આભાર માન્યો હતો. કોન્ફરન્સમાં હાજર રહેલા ભારતના જાણીતા વૈજ્ઞાનિકો અને પ્રોફેસરોની લાંબી યાદી છે. બાયોકેમિસ્ટ્રીવિભાગના એલ્યુમની એસોસિએશનનો પરિચય અને સીવીઆર વ્યાખ્યાન શ્રેણી પ્રો. હરીશ પાધ, સરદાર પટેલ યુનિવર્સિટી, વીવી નગર, ગુજરાતના ભૂતપૂર્વવાઈસચાન્સેલર દ્વારા કરવામાં આવી હતી. ઉદ્ઘાટન સત્ર પછી વિવિધ પૂર્ણ સત્રો યોજાયાહતા. પ્રો. જયંત બી. ઉદગાંવકર, એક પ્રતિષ્ઠિત માળખાકીય જીવવિજ્ઞાની અને IISER, પુણેના ભૂતપૂર્વ નિયામક, તેઓ એવા અગ્રણી સંશોધકોમાંના એક છે જેમણે પ્રોટીન ફોલ્ડિંગનો અભ્યાસ કરવા માટે H-D એક્સચેન્જ NMR ટેકનિકનોઉપયોગ કર્યોહતો. તેમણે "પ્રિઓન પ્રોટીન મિસફોલ્ડ કેવી રીતે થાય છે?" વિષય પર પ્રવચન આપ્યું. પ્રોફેસર હરીશ પાધ, સરદાર પટેલ યુનિવર્સિટી, ગુજરાતના ભૂતપૂર્વવાઈસચાન્સેલર અને CSIR-NIScPR, નવી દિલ્હીના ડૉ. એનકે પ્રસન્ના, સત્રના અધ્યક્ષ અને સહ-અધ્યક્ષ હતા. તેમના સંબોધનમાં તેમણે NIScPR નાસામયિકોની ઝાંખી પૂરીપાડી હતીઅને જણાવ્યુંહતું કે CSIR-NIScPR એભારતની અગ્રણી જાહેર ભંડોળવાળી સંસ્થા છે જે વિવિધ S&T શાખાઓમાં ૧૬ સંશોધન જર્નલ્સપ્રકાશિત કરે છે અને કોઈપણ પ્રકાશન ફી/એક્સેસિંગ શુલ્ક વિના મફત છે. તેમણે પ્રોટીન ફોલ્ડિંગ અને પ્રોટીનની રચના કાર્ય સંબંધ વિશે ચર્ચા કરી અને પ્રોટીનના ખોટા ફોલ્ડિંગ અને રિફોલ્ડિંગ સાથે સંકળાયેલ રોગો વિશે પણ ભાર મૂક્યો. IIT બોમ્બેના પ્રો. નંદા કિશોરએકપ્રતિષ્ઠિતબાયોફિઝિસિસ્ટ અનેસ્ટ્રક્ચરલ બાયોલોજીસ્ટ છે, જે પ્રોટીન થર્મોડાયનેમિક્સમાં તેમના યોગદાન માટે જાણીતા છે. તેમણે "પ્રોટીન ફાઈબરિલેશન-ક્વોન્ટિટેટિવ બાયોફિઝિકલ અભિગમને રોકવામાં પરમાણુ કાર્યક્ષમતા" પર વાત કરી. IIT બોમ્બેના ડો. રાજેશ પાટકર, યજમાન પેથોજેન ક્રિયાપ્રતિક્રિયાના ક્ષેત્રના નિષ્ણાત, "ફંગલ પેથોજેનેસિસ દરમિયાન મોટા ટેલરિંગ કાર્યો સાથેના નાના સ્ત્રાવ પ્રોટીન પર એક રસપ્રદ વાર્તાલાપ આપ્યો. પ્રોફેસર કૃતિકા કે સાવત, ડીન, ફાર્મસી ફેકલ્ટી લિમ્ફેટિક ડિલિવરી: સિસ્ટમિક અને સાઈટ સ્પેસિફિક ડ્રગ ડિલિવરી માટે એક નવા દાખલાપર વાતકરી. રાષ્ટ્રીય સંસ્થાઓ અને યુનિવર્સિટીઓના ફેકલ્ટી સભ્યો અને વૈજ્ઞાનિકોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. સમાપન સત્રમાં, પ્રો. સી. રત્ના પ્રભાએ, ઈવેન્ટ કોઓર્ડિનેટર, સમાપન ટીપ્પણીઓ આપી, જેમાં મુખ્ય ટેકઅવેઝઅને સિમ્પોઝિયમના એકંદર મહત્વનો સારાંશ આપવામાંઆવ્યો. પ્રો. પ્રભા, હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ બાયોકેમિસ્ટ્રી, એમ.એસ. યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરાદ્વારા હૃદયપૂર્વકના આભાર સાથે કાર્યક્રમનું સમાપન થયું.

કમલમ્ ન્યુઝ,

ખેડબ્રહ્મા શહેર માં ખેડબ્રહ્માયુવા, અને ખેડબ્રહ્મા ભાજપનાં કાર્ય કરતા મિત્રો સાથે ભાદરવી પૂનમના મેળામાં ચાલતા પદ યાત્રિકો માટે સેવા કેમ્પ નું આયોજન (ઉદ્ઘાટન) યુવા મોર્ચા નાં પ્રદેશ પ્રમૂખ શ્રી પ્રશાંતભાઈ કોરાટ , શ્રી રમણલાલવોરા સાહેબ, ગજેન્દ્રભાઈ સકસેના, કનુભાઈ પટેલ, અશોકભાઈ જોશી, રાહુલભાઈ પટેલ ,સુરેશભાઈ પટેલ,અરવિંદભાઈ રાવલ, બ્રીજેશભાઈ બારોટ, સાથે અન્ય કાર્યકર્તા સામાજિક કાર્ય કરતા ઓ પણ હાજર રહી સેવા નો લાભ લીધો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કોઠીયા હોસ્પિટલ & રીસર્ચસેન્ટરના ગાયનેક તથા પિડીયાટ્રીક વિભાગનો શુભારંભ કરવામાં આવ્યો

અમદાવાદ ડાયમંડ એસોસીએશન મેડીકલ ટ્રસ્ટ સંચાલિત કોઠીયા હોસ્પિટલનો ગાયનેક તથા પિડીયાટ્રીક વિભાગ આધુનિક ઉપકરણોથી સજ્જ

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તેઅમદાવાદના નિકોલ સ્થિત કોઠીયાહોસ્પિટલના ગાયનેક તથા પિડીયાટ્રીક વિભાગનો શુભારંભ કરાયોહતો. અમદાવાદ ડાયમંડ એસોસીએશન મેડીકલ ટ્રસ્ટ સંચાલિત કોઠીયા હોસ્પિટલનો ગાયનેક તથા પિડીયાટ્રીક વિભાગ આધુનિક ઉપકરણોની સુવિધા ધરાવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નવા બનેલા ગાયનેક તથા પિડીયાટ્રીક વિભાગની મુલાકાત લઈ આધુનિક ઉપકરણો વિશેની માહિતી મેળવી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ હોસ્પિટલના દર્દીઓસાથે વાર્તાલાપ કરી ખબર અંતર પૂછ્યા હતા. મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં હોસ્પિટલના ટ્રસ્ટીશ્રીઓ તથા ડોકટરો સાથે બેઠક યોજાઈ હતી. જેમાં હોસ્પિટલ દ્વારા થતી કામગીરી અને અલગ અલગ વિભાગો વિશેની માહિતી મુખ્યમંત્રીશ્રીએ મેળવી હતી. કોઠીયા હોસ્પિટલ આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ નોંધપાત્ર દર્દીઓને સારવાર આપી સર્વશ્રેષ્ઠ કામગીરી કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૩૦૦ બેડ ધરાવતી કોઠીયા હોસ્પિટલનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલનાહસ્તે કરાયુંહતું. આ પ્રસંગે કોઠીયા હોસ્પિટલના સંસ્થાપક અને પૂર્વ મંત્રી શ્રી ડો. વલ્લભભાઈ કાકડીયા, સમસ્ત ટ્રસ્ટીગણ, હોસ્પિટલના દાતાશ્રીઓ, ડોકટરો સહિતના લોકો ઉપસ્થિત રહ્યાહતા.

સરકારી વિજ્ઞાન કૉલેજ, થરાદ ખાતે કારકીર્દી વિષયક વ્યાખ્યાન યોજાયુ

કમલમ્ ન્યુઝ,

થરાદની સરકારી વિજ્ઞાન કૉલેજમાં કારકિર્દી અભિજ્ઞતા વિષયક સેમિનાર યોજાઈ ગયો. જેમાંમુખ્ય વક્તાતરીકે બાવલાની વિનયન વિજ્ઞાન કૉલેજના આચાર્ય શ્રી ડો કિશોરસિંહ પરમારએ ઉપસ્થિત રહી વિધ્યાર્થીઓને કૉલેજ પૂર્ણ કર્યાબાદ ભાવિતકો વિષેપ્રેરણાત્મક ઉદબોધન કર્યુ હતું. તેઓએ સ્ટાર્ટ અપદ્વારા રોજગાર ઊભો કરવાઆહવાન કરતાં જણાવ્યું હતુ કે કેમિકલ અને ફાર્મા ક્ષેત્રે ખૂબ મોટી તકો રહેલી છે. દેશની ઈસરો, બાર્ક, પીઆરએલ જેવી રિસર્ચ સંસ્થાઓમાં કારકિર્દી બનાવવા જણાવ્યું હતુ. થરાદના વતની ગૌતમ અદાણીના જીવનમાંથીપ્રેરણા લઈ ઉધોગ સાહસિક બનાવાની વાત કરતાં પ્રિ કિશોરસિંહે જણાવ્યું કે નાના ગામડામાંરહીને પણજો ઉધમીબનોતોતમારી કારકિર્દીનેઊંચા આસમાને પહોચાડી શકો છો. આત્મવિશ્વાસ અને સાતત્યપૂર્ણ સખત મહેનત સફલતાની સીડી છે એટલે આલસત્યજી કઈક બનવાની જીદ સાથે લક્ષ્ય નિર્ધારિત કરવા તથાલગુતાભાવ છોડ્વાઆહ્વાન કર્યુ હતુ. સરકારી વિજ્ઞાન કૉલેજ, થરાદના પ્રિ ડો જગદીશ એચ પ્રજાપતિએ પ્રિ ડો કિશોરસિંહ પરમારનું શાબ્દિક સ્વાગતઅને પરિચય કરાવ્યો હતો.

માણસ જે ધારે તે કરી શકે છે" બાળકને મોબાઈલ નહીં પુસ્તક આપો:આરતી પંડ્યા

જીવનની ભેટ સંકલન :સંજીવ શાહના પુસ્તક પર ગુરુકુલ વિદ્યામંદિર સુપામાં વાર્તાલાપ યોજાયો

કમલમ્ ન્યુઝ, મયુર પટેલ

વિદ્યાર્થીઓમાં વાંચન સંસ્કારના બીજ રોપાય અને વાચન એક ટેવ તરીકે વિકસે તે માટે "ગુરુકુલ વિદ્યામંદિર સુપામાંપુસ્તક વાર્તાલાપ યોજાયો. જીવનની ભેટ પુસ્તકની ત્રણ વાર્તાઓ આરતીબેન પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને સંભળાવવામાં આવી. કાળો ફુગ્ગો આકાશમાં ઉડે? માણસ ધારે તે કેવી રીતે કરી શકે? રડીશ નહી, અમે તારી સાથે છીએ. જેવીત્રણ વાર્તાઓ વિદ્યાર્થીઓને સંભળાવી વિદ્યાર્થીઓને પરીક્ષામાં શ્રેષ્ઠ ગુણ મેળવવા માટેઅને એક શ્રેષ્ઠ માનવ બનવા માટે આ વાર્તાઓ અને પુસ્તકો કેટલામહત્વના છે તે બાબતે વિસ્તારથી જૂથ ચર્ચા કરવામાં આવી જીવનના સાચા સિદ્ધાંતો શીખવતી અને ખૂબ જ હૃદય સ્પર્શી વાર્તાઓ આ પુસ્તકમાં છે તેવું જણાવી તમામ વિદ્યાર્થી પુસ્તકો વાંચે તેમાટે પ્રેરણાઆપવામાં આવી ગુજરાતી ભાષા અને તેના શબ્દોની પકડ વધે અને વિદ્યાર્થીઓમાં શબ્દ ભંડાર વધે તે માટે વાંચન ખૂબ જરૂરી છે. વિદ્યાર્થીઓ અને માતા પિતા સૌથી વધારે સમય મોબાઈલ અને ઓટીપી પર વિતાવે છે ત્યારે મોબાઈલનું વ્યસન છોડાવવા માટે એકમાત્ર ઉપાય નાની નાની પુસ્તીકાઓ અને પુસ્તકો છે શરૂઆતમાં વિદ્યાર્થી પુસ્તક વાંચતા માટે પ્રેરાય તે માટે પ્રયત્નો કરવા જરૂરી છે ગુરુકુલ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓએ પુસ્તક વાંચવાની પ્રતિજ્ઞા લીધી પ્રથમ કસોટી ની તૈયારી ના ભાગરૂપે પણ તમામ વિદ્યાર્થી વાંચન વધારી પરીક્ષાલક્ષી તૈયારી કરશે તે માટે કટિબંધ થયા ગુજરાત ગુરુકુળ સભાના પદાધિકારીઓએ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પુસ્તક વાર્તાલાપ માટે અભિનંદન આપ્યા. કાર્યક્રમની આભાર વિધિ શ્રીમતી સરસ્વતી બેની કરી.

ગાંધીનગર શહેર ભાજપના ડોક્ટર સેલ દ્વારા તમામ ૧૧ વોર્ડમાં વિનામૂલ્યે સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે

મેગા મેડિકલ કેમ્પમાં ૬૦ થી વધુ તબીબો સેવા આપશે.

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તેના ભાજપાના સેવા પખવાડિયા અંતર્ગત તા. ૨૪ સપ્ટેમ્બર રવિવારના રોજ સવારે ૯થીબપોરે ૧૨ કલાક સુધી શહેર ભાજપ ડોકટર સેલ દ્વારા તમામ ૧૧ વોર્ડમાંવિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે. જે અંતર્ગત વોર્ડ ૧ માંવોર્ડકાર્યાલય, ડીમાર્ટની પાછળ, સેક્ટર ૨૬; વોર્ડ ૨ માં રામદેવપીર મંદિર કોમ્યુનિટી હોલ પેથાપુર; વોર્ડ ૩ માં વોર્ડ કાર્યાલય, આનંદ મેડિકલ સ્ટોર્સની બાજુમાં, ભવાની સુપર માર્કેટની સામે, સેક્ટર ૨૭; વોર્ડ ૪ માં મહાકાળી માતા મંદિર પાલજ, વોર્ડ ૫ માં શહેર ભાજપા કાર્યાલય સેક્ટર ૨૧; વોર્ડ ૬ માં આંગણવાડી સેક્ટર ૧૩ છાપરા; વોર્ડ ૭ માં હરિનગર સોસાયટી વાવોલ; વોર્ડ ૮ માં વોર્ડ કાર્યાલય, ગોલ્ડ કોઈન કોમ્પલેક્ષ, સરગાસણ; વોર્ડ ૯ માં વોર્ડ કાર્યાલય, શ્યામ સૃષ્ટિ કોમ્પલેક્ષ, સરદાર ચોક કુડાસણ; વોર્ડ ૧૦ માં વોર્ડ કાર્યાલય,પ્રતિક મોલ રાંદેસણ અને વોર્ડ ૧૧ માં શ્રી આઈ માતાના મંદિર, અમિયાપુર ખાતે સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન થશે. શહેર ભાજપ ડોક્ટર સેલ દ્વારા આયોજિત મેડિકલ કેમ્પમાં ૬૦ થી વધુતબીબો તેમની સેવાઓ આપશે. આ ઉપરાંત શહેર ભાજપ ડોકટર સેલ અને શાશ્વત સર્જીકેર હોસ્પિટલ, કુડાસણના સંયુક્ત ઉપક્રમે તા. ૨૪ સપ્ટેમ્બરે સવારે ૯ થી બપોરે ૧૨ વાગ્યા સુધી વિનામૂલ્યે મેગા મેડિકલ કેમ્પનું આયોજન કરાયું છે જેમાં નિદાન પેથોલોજી લેબોરેટરી દ્વારા ડાયાબિટીસનો RBS ટેસ્ટ વિનામૂલ્યે કરીઆપવામાં આવશે. આ કેમ્પ શાશ્વત સર્જીકેર હોસ્પિટલ, શ્યામ રેસીડેન્સી, રિલાયન્સ સર્કલ પાસે, કુડાસણ ખાતે યોજાશે.

નર્મદા નદી ઉપર માલસર પાસે બનેલા રૂ. ૨૨૫ કરોડના બ્રિજનું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે લોકાર્પણ થશે

વડોદરા જિલ્લાને ભરૂચ અને નર્મદાને ટૂંકા અંતરથી જોડવા ડભોઇ, શિનોર, માલસર, અશા રોડ પર ૧૩૧૨ કિ. મિ. લાંબી નર્મદા નદી પર ૫૬મો બ્રિજ બન્યો

વડોદરાથી નેત્રંગ, ડેડિયાપાડા ઉપરાંત મહારાષ્ટ્ર બાજું જતાં વાહનવ્યવહારને સરળતા થશે, જંગલની ઘાટીઓના ચઢાણ ચઢવામાંથી ભારે વાહનોને મુક્તિ મળશે

કમલમ્ ન્યુઝ,

વડોદરા જિલ્લાનેબે જિલ્લા, ભરૂચઅને નર્મદાને ટૂંકા અંતરથી જોડતા ડભોઈ, શિનોર, માલસર, અશારોડ પર નર્મદા નદી ઉપર રૂ. ૨૨૫ કરોડના ખર્ચથી નિર્માણ પામેલા પૂલનું આગામી તા. ૨૭ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં છોટા ઉદેપુર ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાનલોકાર્પણ થશે. આ બ્રિજ બનતા વડોદરાથી નેત્રંગ ઉપરાંત ડેડિયાપાડ, મહારાષ્ટ્ર જવા માટે ૨૦ કિલોમિટરનુંઅંતર ઓછું થઈ ગયું છે. પૂલ બનવાથી બીજો મોટોલાભ એ થશે કે કપરા ચઢાણ, ડુંગરાળવિસ્તારનો માર્ગએક તરફ થઈજશે. એકરસપ્રદ વાતએ પણ છે કે, છેક મધ્યપ્રદેશના અમરકંટકથી પ્રગટી ખંભાતની ખાડીમાં સાગરને મળતા મા નર્મદાના ૧૩૧૨ કિલોમિટરના લાંબા પ્રવાહના ઉપરથી વાહનો પસાર કરવામાટે અત્યાર સુધી કૂલ ૫૫ બ્રિજ બનાવવામાં આવ્યા છે. તેમાં આ માલસર પાસે વડોદરા માર્ગઅને મકાનવિભાગ (ગ્રામ્ય) દ્વારા નિર્માણાધિન આપૂલ ૧૩૧૨ કિલોમિટર લાંબી આ નદી ઉપર બાંધવામાં આવેલો ૫૬મો બ્રિજ બન્યો છે. નર્મદા નદીઉપર મહત્તમ પૂલ મધ્યપ્રદેશમાં છે. સેટેલાઈટ તસવીરોનો અભ્યાસ કરવાથી આ બાબતનો સારી રીતે ખ્યાલ આવી શકે છે. સ્વેર ટાઈપ આ બ્રિજની માહિતી આપતાકાર્યપાલક ઈજનેર શ્રી કમલેશથોરાટે કહ્યું કે, ડભોઈ, શિનોર, માલસર અને અશા તરફનારાજમાર્ગઉપર નર્મદા નદી પર પીએસસી ગર્ડર ડેક પૂલ બનાવવાની કામગીરી પૂર્ણ થઈ છે. બ્રિજમાટે ૧૬પિલ્લર બનાવવામાં આવ્યા છે. બીજી એક રસપ્રદ વાત તો એ છે કે રૂ. ૨૨૫ કરોડના ખર્ચથી બનેલા આ પૂલ માટે કૂલ ૧૨ હજાર ટન વિવિધ પ્રકારનું લોખંડ વાપરવામાં આવી રહ્યું છે. આટલું જ નહીં, બ્રિજ બનાવવા માટે ૨૦હજાર ટન સિમેન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આટલી સામગ્રીથી તો ત્રણ બેડરૂમ હોલ કિચનની સુવિધાવાળા અને ૭ માળના ૧૫થી વધુ એપાર્ટમેન્ટ બની શકે ! એના ઉપરથી બ્રિજની કામગીરીનો ખ્યાલ આવી શકે છે. કૂલ ૩.૫ કિલોમિટરનીલંબાઈ અને ૧૬ મિટરની પહોળાઈ ધરાવતા આબ્રિજનો ૯૦૦મિટરનો હિસ્સો નદીઉપરથી પસાર થયો છે. બાકી અશા તરફ ૬૦૦ મિટર અને માલસર સાઈડ ૨ કિલોમિટરનો ભાગ છે. બ્રિજ બનતા શિનોર તાલુકાને નર્મદા જિલ્લાના નાંદોદ તથા ભરૂચ જિલ્લાના ઝગડિયા જવામાટે વીસેક કિલોમિટરનું અંતર ઓછું થશે. વડોદરાથી નેત્રંગ, ડેડિયાપાડા ઉપરાંતમહારાષ્ટ્ર બાજુ જતાં વાહનવ્યવહારને સરળતા થશે. તદઉપરાંત, રાજપીપળા, ડેડિયાપાડાની ઘાટીઓના ચઢાણ ચઢવામાંથી ભારે વાહનોને મુક્તિ મળશે.સમય અને ઈંધણમાં બચત થશે.

પ્રધાનમંત્રીએ ઉત્તર પ્રદેશનાં વારાણસીમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમનો શિલાન્યાસ કર્યો

"જ્યારે રમતગમતનું માળખું ઊભું કરવામાં આવે છે, ત્યારે તે માત્ર રમતગમતની યુવા પ્રતિભાને પોષવા પર જ હકારાત્મક અસર નથી કરતું, પરંતુ સ્થાનિક અર્થતંત્ર માટે પણ શુભ સંકેત આપે છે"

ક્રિકેટના મહાન ખેલાડીઓ આ પ્રસંગની શોભા વધારે છે

"સરકાર શાળાથી લઈ ઓલિમ્પિક પોડિયમ પર ટીમના સભ્યની જેમ ખેલાડીઓ સાથે આગળ વધે છે"

કમલમ્ ન્યુઝ,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વારાણસીમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમનો શિલાન્યાસ કર્યોહતો. વારાણસીના ગંજારી, રાજાતલાબમાં આશરે ૪૫૦ કરોડના ખર્ચે આ આધુનિક આંતરરાષ્ટ્રીય ક્રિકેટસ્ટેડિયમ તૈયાર કરવામાં આવશે અને તે ૩૦ એકરથી વધુ વિસ્તારમાં પથરાયેલું હશે. અત્રે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા પ્રધાનમંત્રીએ ફરી એક વખત વારાણસીનીમુલાકાત લેવાની તક મળતા આનંદની લાગણી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે, આ શહેરનો આનંદ શબ્દોથી પર છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ગયા મહિનાની ૨૩મી તારીખે જ્યાં ચંદ્રયાનેચંદ્ર પર ઉતરાણ કર્યું હતું, એચંદ્રના શિવશક્તિ પોઈન્ટ પરભારત પહોંચ્યાનાંબરાબર એક મહિના પછી તેઓ એ જ દિવસે કાશીની મુલાકાત લઈ રહ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "શિવ શક્તિનું એક સ્થળ ચંદ્ર પર છે, જ્યારે બીજું સ્થળ કાશીમાં છે," તેમણે આ મહત્ત્વપૂર્ણ સિદ્ધિ બદલ દરેકને અભિનંદન આપ્યાં હતાં. પ્રધાનમંત્રીએ આ સ્થળનાં મહત્ત્વની પણ નોંધલીધી હતી, જે માતા વિંધ્યાવાસિનીના માર્ગના આંતરછેદ પરઆવેલું છેઅને રાજ નારાયણજીનાં ગામમોતીકોટ સાથે તેનીનિકટતા છે. પ્રધાનમંત્રીએ એ બાબત પર પ્રકાશ પાડ્યો હતો કે, ભગવાન મહાદેવને સમર્પિત આ આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમની ડિઝાઈનથી કાશીના નાગરિકોમાં ગર્વની લાગણી જન્મી છે. તેમણે કહ્યુંકે, સ્ટેડિયમમાંશાનદાર ક્રિકેટ મેચો જોવા મળશે જયારે યુવા એથ્લીટ્સને આંતરરાષ્ટ્રીય ધોરણો ધરાવતાં સ્ટેડિયમમાં ટ્રેનિંગલેવાની તક મળશે. તેમણે ઉમેર્યું હતું કે, "એનાથી કાશીના નાગરિકોને મોટો લાભ થશે." પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ક્રિકેટનાં માધ્યમથી દુનિયા ભારત સાથે જોડાઈ રહી છે અને ઘણાનવા દેશોક્રિકેટ રમીરહ્યા છે, જેનાં પગલે મોટી સંખ્યામાં મેચો રમાશે. તેમણે કહ્યું કે આ આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમ આગામી વર્ષોમાં સ્ટેડિયમોની વધતી માગને પૂર્ણ કરશે. પ્રધાનમંત્રીએ બીસીસીઆઈનાં યોગદાન બદલ બીસીસીઆઈનો પણ આભાર માન્યો હતો. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ પ્રકારના રમતગમતસાથે સંબંધિત માળખાગત સુવિધાઓના વિકાસની રમત-ગમત પર સકારાત્મક અસર થવાની સાથે પ્રાદેશિક અર્થતંત્ર પર પણ સકારાત્મક અસર પડે છે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, આ પ્રકારના વિકાસથી વધારેમુલાકાતીઓ આવે છે, જેનાથીઆ વિસ્તારમાં હોટેલ્સ, ખાણીપીણીની લારીઓ, રિક્ષાઓ અને ઓટો ડ્રાઈવરો તેમજ હલેસા મારનારા જેવાં ક્ષેત્રોને મોટો લાભ થાય છે. તેમણે પ્રકાશ પાડ્યોકે તેની રમતગમત કોચિંગઅને મેનેજમેન્ટ સંસ્થાઓ પર પણ સકારાત્મક અસર પડે છે, જેનાથી યુવાનોને સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ્સમાં સાહસ કરવાનો માર્ગ મોકળો થાય છે. તેમણે ફિઝિયોથેરાપીના અભ્યાસક્રમો અંગે પણ વાત કરી અને કહ્યું કે, આગામી દિવસોમાં વારાણસીમાં એકનવો રમતગમત ઉદ્યોગ આકાર લે તેવી અપેક્ષા છે. પ્રધાનમંત્રીએ માતા-પિતાઓમાં રમતગમત પ્રત્યેનાં બદલાતાં વલણ પર પ્રકાશ પાડ્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "હવે રાષ્ટ્રનો મૂડછે – જો ખેલેગાવો હી ખિલેગા (જે રમશે તે ખીલશે)." પ્રધાનમંત્રીએ તાજેતરમાં શહડોલની તેમની મુલાકાત અને ત્યાંનાં આદિવાસી ગામમાં યુવાનો સાથેની તેમની વાતચીતને યાદ કરી હતી તથા ત્યાંના 'મિની બ્રાઝિલ' માટેનાસ્થાનિક ગૌરવઅને ત્યાંના ફૂટબોલપ્રત્યેના તેમના ઊંડા પ્રેમને યાદ કર્યો હતો. પ્રધાનમંત્રીએ કાશીમાં રમતગમતમાં થયેલાં પરિવર્તનનું વર્ણન પણ કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, આ પ્રયાસ કાશીના યુવાનોને રમતગમતની વૈશ્વિક કક્ષાની સુવિધાઓ પ્રદાન કરવાનો છે. એટલા માટે આ સ્ટેડિયમની સાથે ૪૦૦ કરોડ રૂપિયા સિગરા સ્ટેડિયમ પર ખર્ચ કરવામાં આવી રહ્યા છે, જ્યાં ૫૦થી વધુ રમતો માટે સુવિધાઓ વિકસિત કરવામાં આવી રહી છે. આ પ્રથમ મલ્ટી સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ બનવા જઈ રહ્યું છે જે દિવ્યાંગોને અનુકૂળ હશે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, નવાં નિર્માણની સાથે-સાથે જૂની વ્યવસ્થાઓમાં પણ સુધારો થઈ રહ્યોછે. પ્રધાનમંત્રીએજણાવ્યું હતું કે, ભારતની રમતગમતની તાજેતરની સફળતા બદલાયેલા અભિગમનેઆભારી છે,કારણ કે અત્યારે રમતગમતને યુવાનોની ફિટનેસ, રોજગારીઅને કારકિર્દી સાથે જોડવામાં આવે છે. ૯ વર્ષ પહેલાની સરખામણીએ આ વર્ષે સ્પોર્ટ્સબજેટમાં ત્રણ ગણો વધારો કરવામાં આવ્યો છે. ખેલો ઈન્ડિયાનાં બજેટમાં ગયાં વર્ષની સરખામણીએ આશરે ૭૦ ટકાનો વધારો થયો છે. સરકાર શાળાથી ઓલિમ્પિક પોડિયમ સુધી ટીમના સભ્યની જેમ રમતવીરો સાથે આગળવધેછે."તેમણે કન્યાઓની વધતી જતી ભાગીદારી અને ટોપ્સ યોજનાનો ઉલ્લેખ કર્યો હતો. પ્રધાનમંત્રીએ વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સ પર પ્રકાશ પાડ્યોહતો, જેમાં ભારતેઆ વર્ષની એડિશનમાં વધારે મેડલ્સ જીતીને ઈતિહાસરચ્યો છે, જેમાં તેની સંપૂર્ણ સહભાગિતામાં મેળવેલા તમામ મેડલ્સની કુલ સંખ્યાની સરખામણીમાંભારતે આ વર્ષની એડિશનમાં વધારે મેડલ્સ જીતીને ઈતિહાસ રચ્યો છે. પ્રધાનમંત્રીએ આગામી એશિયન ગેમ્સમાં ભાગ લઈ રહેલા રમતવીરોને પણ શુભેચ્છા પાઠવી હતી. શ્રી મોદીએ દેશનાં દરેક ગામ, શહેર અને ખૂણામાં રમતગમતની સંભવિતતાની હાજરીનો સ્વીકાર કર્યો હતો અને તેમને શોધવાની અને તેમની કુશળતા વિકસાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યોહતો."નાનાં શહેરો અને ગામડાંઓમાંથી આવતા યુવાનો આજે રાષ્ટ્રનું ગૌરવ બની ગયા છે," એમ શ્રી મોદીએ જણાવતા તેમના માટે વધુને વધુ તકો ઊભી કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે ખેલો ઈન્ડિયાનું ઉદાહરણ આપ્યું હતું,જ્યાંસ્થાનિક પ્રતિભાઓની ઓળખ કરવામાં આવે છે અને સરકાર તેમને આંતરરાષ્ટ્રીયસ્તરના રમતવીરોમાં પરિવર્તિત કરવા આતુર છે. આ પ્રસંગે રમતગમત ક્ષેત્રના દિગ્ગજોની હાજરીને બિરદાવતાં પ્રધાનમંત્રીએ કાશી પ્રત્યે તેમના સ્નેહ માટે તેમનો આભાર માન્યો હતો. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યુંહતું કે,"નવી પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવા અને વિકસાવવા માટે સારા કોચ અને સારું કોચિંગ પણ એટલુંજ મહત્વપૂર્ણછે."તેમણે ભારપૂર્વક જણાવ્યું હતુંકે, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રશંસા મેળવનારા એથ્લીટ્સને કોચની ભૂમિકા નિભાવવામાટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, છેલ્લાં થોડાં વર્ષોમાં યુવાનોનેવિવિધ સ્પોર્ટ્સઅને રમતો સાથે જોડવામાં આવ્યા છે. તેમણે કહ્યુંહતું કે, નવું માળખું નાનાં શહેરો અને ગામડાંઓનાં રમતવીરોને નવી તકોપ્રદાન કરશે. તેમણે ખેલો ઈન્ડિયા અંતર્ગત ઊભી થયેલી માળખાગત સુવિધાઓથી કન્યાઓને લાભથાય છેએ બદલ ખુશી વ્યક્ત કરી હતી. તેમણે માહિતી આપીહતી કે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હેઠળ રમતગમતને ઈત્તર પ્રવૃત્તિને બદલે યોગ્ય વિષય તરીકે ગણવામાં આવે છે. મણિપુરમાં સૌ પ્રથમ નેશનલ સ્પોર્ટ્સ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, ઉત્તર પ્રદેશમાં પણ રમતગમત સાથે સંબંધિત માળખાગતસુવિધાઓનાંવિસ્તરણ માટે હજારો કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. તેમણે ગોરખપુરમાં સ્પોર્ટ્સ કોલેજનાં વિસ્તરણ અને મેરઠમાં મેજર ધ્યાનચંદ યુનિવર્સિટીની સ્થાપનાનો ઉલ્લેખ કર્યો હતો. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "દેશના વિકાસ માટે રમતગમત સાથે સંબંધિત માળખાગતસુવિધાઓનું વિસ્તરણ આવશ્યકછે."તેમણેદેશની પ્રતિષ્ઠા માટે તેનાં મહત્ત્વ પર નોંધ લીધી હતી. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, દુનિયાનાં કેટલાંક શહેરો વૈશ્વિક રમતોત્સવનાં આયોજન માટે જાણીતાં છે અને આ પ્રકારના આંતરરાષ્ટ્રીયકાર્યક્રમોનું આયોજન કરવા સક્ષમ રમતગમતનું માળખું દેશમાં વિકસાવવાપર ભાર મૂક્યો હતો.

"નાનાં શહેરો અને ગામડાંઓમાંથી આવતા યુવાનો આજે દેશનું ગૌરવ બની ગયા છે"

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આ સ્ટેડિયમ વિકાસના આ સંકલ્પનું સાક્ષીબનશે, જે માત્રઈંટો અને કોંક્રિટનું માળખું જનહીં હોય, પણ ભારતનાં ભવિષ્યનુંપ્રતીક પણ બનશે. પ્રધાનમંત્રીએ કાશીનાં લોકોને શહેરમાં ચાલી રહેલા તમામ વિકાસલક્ષી પ્રયાસોનો શ્રેય આપ્યો હતો. "કાશીમાં તમારા વિના કશું જ પ્રાપ્ત થઈ શકતું નથી. તમારાં સમર્થન અને આશીર્વાદથી અમે કાશીના વિકાસના નવા અધ્યાયો લખવાનું ચાલુ રાખીશું," એમ પ્રધાનમંત્રીએ સમાપન કર્યું હતું. આ પ્રસંગે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી શ્રીયોગી આદિત્યનાથ, બીસીસીઆઈના અધ્યક્ષ શ્રી રોજર બિન્ની, બીસીસીઆઈનાસેક્રેટરી શ્રી જય શાહ, બીસીસીઆઈના વાઈસ પ્રેસિડન્ટ શ્રી રાજીવશુક્લા, સચિન તેંડુલકર, સુનીલ ગાવસ્કર, રવિ શાસ્ત્રી, કપિલ દેવ, દિલીપ વેંગસરકર, મદનલાલ, ગુંડપ્પા વિશ્વનાથ અને ગોપાલ શર્મા સહિતના ભૂતપૂર્વક્રિકેટ ખેલાડીઓ તથા ઉત્તર પ્રદેશ સરકારના મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રી શ્રી મુકેશભાઇ પટેલ તથા મંત્રી શ્રી કુંવરજીભાઇ હળપતિની ઉપસ્થિતિમાં તાપી જિલ્લાની આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજાઇ

પ્રજાના પ્રતિનિધિ તરીકે સરકારના લાભો છેવાડાના માનવી સુધી પહોચ્યા છે કે નહી તે જોવાની આપણી જવાબદારી છે-પ્રભારી મંત્રી શ્રી મુકેશભાઇ પટેલ

કમલમ્ન્યુઝ, તાપી
વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠાના રાજયમંત્રી અને તાપી જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તથા આદિજાતિ વિકાસ, શ્રમ-રોજગાર, અને ગ્રામ વિકાસ વિભાગના રાજયમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિની ઉપસ્થિતિમાં, તાપી જિલ્લાના સેવા સદન ખાતે આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે પ્રભારીમંત્રી શ્રી મુકેશભાઈ પટેલે નવા ચૂંટાયેલાજિલ્લા પંચાયત પ્રમુખ અને તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓને, ગ્રામ્ય વિસ્તારની મુલાકાત લઈ વિકાસના કામોની સમયાંતરે સમીક્ષા કરવાની પદાધિકારી તરીકેની પ્રાયોરીટી છે, એમ જણાવ્યું હતું. તેમણે પ્રજાના પ્રતિનિધિ તરીકે સરકારના લાભો છેવાડાના માનવીસુધી પહોચ્યા છે કે નહી, તે જોવાની આપણી જવાબદારી છે એમ વધુમાં ઉમેર્યુ હતું. તેમણે બેઠકમાં વિવિધ વિભાગના સદર અનુસાર બાકી કામો ઝડપથી પુરા કરાવવા અંગે, વિવિધ કામો માટે યોગ્ય સર્વે હાથ ધરી આનુસાંગીક પ્રક્રિયા પુરી કરાવવા સંબંધિત વિભાગ સાથે ચર્ચાકરીહતી. આદિજાતિ વિકાસ, શ્રમ રોજગાર, અને ગ્રામ વિકાસ વિભાગના રાજયમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ બેઠકમાં કોટવાડીયા સમાજના લોકો માટ મકાનની સુવિધા અંગે, બારમાસી તળાવોમાંથી લીફ્ટ ઈરીગેશનના માધ્યમથી સિંચાઈ માટે પાણી પહોચાડવા અંગેજરૂરીરચનાત્મક સુચનો કર્યા હતા. બેઠકમાં પ્રયોજના વહિવટદાર શ્રી રામનિવાસ દ્વારા સમગ્ર બેઠકનું સંચાલન કરી, ન્યુ ગુજરાત પેટર્ન આયોજન વર્ષ ૨૦૨૩-૨૪ માટેના વિવિધ વિકાસના કામો અંગે સૌને માહિતગાર કરવામાં આવ્યા હતા. જેમાં ખાસ કરીને સ્વસહાય જુથની બહેનોને સાધન સહાય પુરી પાડવા અંગે, આશ્રમ શાળામાં બેડ પુરા પાડવા અંગે, યુવાનોને મોટરડ્રાઈવિંગની તાલીમ આપી રોજગારી માટે પ્રેરિત કરવા અંગે, જેવી બાબતો ઉપરખાસ ચર્ચા કરી સૌના મંતવ્યો લેવામાં આવ્યા હતા. આ બેઠકમાં નવ નિયુક્ત જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી જાલમસિંહ જાદવ, ધારાસભ્ય શ્રી મોહન કોંકણી, ધારાસભ્ય શ્રી ડૉ.જયરામ ગામીત, કલેક્ટરશ્રી ડૉ.વિપિન ગર્ગ, જિલ્લા વિકાસ અધિકારી શ્રીવી.એન.શાહ સહિત ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાહતા.

સેમિકન્ડક્ટર ઉદ્યોગ - વાણિજયના અવસરો માટે વિશ્વ આખુ ઉમટશે ગુજરાતના આંગણે

કમલમ્ ન્યુઝ,
સાણંદ જીઆઈડીસી ૨ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલજી, કેન્દ્રીય આઈ.ટી. મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવજી, કેન્દ્રીય આઈ.ટી. રાજય મંત્રી શ્રી રાજીવ ચંદ્રશેખરજી અને કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુત સાહેબ ની ઉપસ્થિતિમાં માઈક્રોન કંપનીની એસેમ્બલીઅને ટેસ્ટિંગ ફેસિલિટીનું ખાતમુહૂર્ત સંપન્ન થયું. ગુજરાત સરકારે સેમિકન્ડક્ટર પોલિસી જાહેર કરી છે. ગુજરાતમાં ઉત્પાદન માટેની માળખાકીય સુવિધાઓ, ઉદ્યોગ-વેપાર માટે પરવાનાથી માંડીને અન્ય ઔપચારિકતાઓ માટેનું સાનુકૂળ વાતાવરણ અને રાજ્ય સરકારના શ્રેષ્ઠ સહયોગ ઉપરાંત સુઆયોજિતટેલેન્ટ પુલની ઉપલબ્ધિ જેવી મહત્ત્વપૂર્ણ બાબતોને ધ્યાને રાખીને માઈક્રોને પોતાની આ મેન્યુફેક્ચરિંગ ફેસેલિટીશરૂ કરવા માટે ગુજરાત પર પસંદગી ઉતારી છે. રાજ્ય સરકાર ધ્વારા આ પ્રોજેક્ટને વાયબ્રન્ટ ગુજરાતની સિદ્ધિ તરીકે જોવામાં આવે છે. આ પ્રસંગે શ્રી રાજકુમાર - મુખ્ય સચિવશ્રી, શ્રી વિજય નેહરા - સચિવ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, શ્રી ગુરશરણ સિંઘ સિનિયર વાઈસપ્રેસિડેન્ટ, માઈક્રોન ટેકનોલોજી, શ્રી વિનાયક પાલ - સીઈઓટાટા પ્રોજેક્ટ્સહાજર રહ્યા હતા.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીની સ્કૂલ ઓફ ક્રિમિનોલોજી એન્ડ બિહેવિયરલ સાયન્સે મેન્ટલ હેલ્થ હોસ્પિટલમાં સાયકોસોશ્યલ કેર સેન્ટરનું ઉદ્ઘાટન કર્યુ

કમલમ્ ન્યુઝ,
રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU) ખાતે ધી સ્કૂલ ઓફ ક્રિમિનોલોજી એન્ડ બિહેવિયરલ સાયન્સ (SCBS) એ ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ અમદાવાદના શાહીબાગમાં માનસિક સ્વાસ્થ્ય માટે હોસ્પિટલ ખાતેઅત્યાધુનિક માનો-સામાજીક કેર સેન્ટરના ઉદ્ઘાટન સાથે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ ચિહ્નિત કર્યું, જેના ભાગરૂપે પ્રતિષ્ઠિત મહેમાનોમાં મુખ્ય મહેમાન શ્રીમતી. પ્રતિભા જૈન, અમદાવાદના મેયર; ગેસ્ટ ઓફ ઓનર પ્રો. (ડૉ.) બિમલ એન. પટેલ,ઈઈના વાઈસચાન્સેલર; અને શ્રીમતી દર્શન વાઘેલા, ધારાસભ્ય સહિત અન્ય અગ્રણીઓ હાજર રહ્યા. આ કેન્દ્ર મનોવૈજ્ઞાનિક સેવાઓના ક્ષેત્રમાં એક દીવાદાંડી તરીકે ઊભું છે, જે સુધારાત્મક વહીવટ અને વ્યાપક સમુદાય બંનેનેવ્યાપક સંભાળ પ્રદાનકરે છે. તેનો પ્રાથમિક ઉદ્દેશ્ય સુધારાત્મક સુવિધાઓ અને મોટા પાયે સમુદાયમાં વ્યક્તિઓની અનન્ય જરૂરિયાતોને અનુરૂપ વિશિષ્ટ મનોવૈજ્ઞાનિકસેવાઓપહોંચાડવાનો છે.આ સેન્ટરમાં 8 RCI લાઈસન્સપ્રાપ્તક્લિનિકલસાયકોલોજીસ્ટ, ૨૪ ક્લિનિકલસાયકોલોજી ટ્રેઈની અને ૨ સહાયક સ્ટાફની સમર્પિત ટીમથી સજ્જ, કેન્દ્ર માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારીને વ્યાપક રીતે સંબોધવા માટે સેવાઓની વ્યાપક શ્રેણી પૂરી પાડે છે. આ સેવાઓમાં નિદાન અને સારવાર માટે મનોવૈજ્ઞાનિક મૂલ્યાંકન, પરામર્શ અને મનોરોગ ચિકિત્સા, મનોસામાજિકઅનેન્યુરોસાયકોલોજિકલ રિહેબિલિટેશન, ગ્રુપ થેરાપી, સામાજિક કૌશલ્ય તાલીમ, કૌટુંબિક પરામર્શ, તણાવ અને ગુસ્સોવ્યવસ્થાપન, માઈન્ડફુલનેસ અને ધ્યાન, વ્યસનપરામર્શ, અને શૈક્ષણિક/ટીઆરઆઈ વર્કશોપનો સમાવેશ થાય છે. આ સેન્ટર ઈઈની સ્કૂલ ઓફ ક્રિમિનોલોજી એન્ડ બિહેવિયરલસાયન્સિસમનોવૈજ્ઞાનિક સંભાળ અને સુધારાત્મક વહીવટ વચ્ચેના અંતરને દૂરકરવાનો પ્રયાસ કરે છે. આ સેટિંગ્સમાં વિશિષ્ટ કાઉન્સેલિંગ સેવાઓપ્રદાન કરીને, ઉદ્દેશ્ય તેમના પુનર્વસન અને સમાજમાં સફળપુનઃ એકીકરણમાં સકારાત્મક યોગદાનઆપવાનો છે. ઉદ્ઘાટન સમારોહમાં પ્રતિષ્ઠિત મહેમાનોના વકતવ્યો દર્શાવવામાં આવ્યા હતા, જેમાં માનસિક સ્વાસ્થ્ય જાગૃતિને પ્રોત્સાહન આપવા અને આવશ્યક મનોવૈજ્ઞાનિક સહાય પહોંચાડવામાં કેન્દ્રના મહત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિવિધ ક્ષેત્રોના હિસ્સેદારોને અપરાધશાસ્ત્ર અને વર્તણૂકીય વિજ્ઞાનમાં સંશોધન અને તાલીમને આગળ વધારવામાં સંભવિત સહયોગની શોધ કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું. આ સેન્ટરના ઉદ્ઘાટન માટે ઉત્સાહ વ્યક્ત કરતાં, પ્રો. (ડૉ.) બિમલ એન. પટેલે જણાવ્યું હતું કે, "મનોસામાજીક કેર સેન્ટરની સ્થાપના રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. અમે માનસિક સ્વાસ્થ્ય સાથે સંઘર્ષ કરી રહેલા વ્યક્તિઓને સર્વગ્રાહી સંભાળ અને સમર્થન આપવા માટે પ્રતિબદ્ધ છીએ. આ કેન્દ્ર આપણા સમુદાય માટે આશા અને ઉપચારની દીવાદાંડી તરીકે કામ કરશે." ડો. મહેશ ત્રિપાઠીએ ભારપૂર્વકજણાવ્યું હતુંકે, "માનસિક સ્વાસ્થ્ય એકંદર સુખાકારીનું અભિન્નપાસું છેઅને મનોવૈજ્ઞાનિક ચિંતાઓને કરુણા અને નિપુણતા સાથેસંબોધવામાટે તેનિર્ણાયક છે. સાયકોસોશિયલ કેર સેન્ટર માનસિક સુખાકારીને પ્રોત્સાહન આપવાઅને વ્યકિતઓમાં સ્થિતિસ્થાપકતા વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. "તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, "સાયકોસોશિયલ કેર સેન્ટરનું ઉદ્ઘાટન એ સ્કૂલ ઓફ ક્રિમિનોલોજી એન્ડ બિહેવિયરલ સાયન્સ માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે અને અમને વિશ્વાસ છે કે તે અમારી મદદ લેનારાઓના જીવનપર સકારાત્મક અસર કરશે. આ પહેલની સફળતા સુનિશ્ચિત કરવા માટે અમે અમારા ભાગીદારો અને હિતધારકો સાથે કામ કરવા આતુર છીએ." આ ઉદ્ઘાટનમાં શૈક્ષણિક, તબીબી અને માનસિક સ્વાસ્થ્ય સમુદાયોના પ્રતિષ્ઠિત મહેમાનોએ હાજરી આપી હતી, જેઓ આ ક્ષેત્રમાં સંશોધન, શિક્ષણ અને ક્લિનિકલ પ્રેક્ટિસને આગળ વધારવા માટે યુનિવર્સિટીના સમર્પણનું પ્રદર્શન કરતી વખતે માનસિક સ્વાસ્થ્ય વિશે જાગૃતિ લાવવા માટે એક પ્લેટફોર્મ તરીકે સેવા આપતા હતા.

SCBS વિશેઃ

ક્રિમિનોલોજી એન્ડબિહેવિયરલ સાયન્સની શાળા (SCBS) વર્તણૂકીય સ્વાસ્થ્યના ક્ષેત્રમાં સક્ષમ વ્યાવસાયિકો વિકસાવવા માટે સમર્પિત છે જેઓ રાષ્ટ્રીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે જાહેર અને ખાનગી સંસ્થાઓને હકારાત્મક અસર કરી શકે છે. SCBS ના વિદ્યાર્થીઓ સમૃદ્ધ શૈક્ષણિક વાતાવરણથી લાભ મેળવે છે જ્યાં ફેકલ્ટી સિદ્ધાંતોને આગળ વધારવા, સંશોધન કરવા, પેપર પ્રકાશિતકરવા અને અભ્યાસ અને વર્ગખંડમાં શિક્ષણ બંનેમાં શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવા સક્રિયપણે સામેલ છે. શિક્ષણ પ્રક્રિયામાં આંતરરાષ્ટ્રીય ફેકલ્ટી સભ્યો અને પ્રેક્ટિશનરોની સંડોવણી અમારા વિદ્યાર્થીઓના પરિપ્રેક્ષ્યને વિસ્તૃત કરે છે, તેમને સારી રીતે ગોળાકાર વ્યક્તિ બનાવે છે.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી વિશેઃ

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી એ સુરક્ષા વિજ્ઞાન અને કાયદાના અમલીકરણનાઅભ્યાસ માટે સમર્પિત અગ્રણી સંસ્થા છે. વર્ષ ૨૦૨૦ માંભારત સરકારના ગૃહ મંત્રાલયદ્વારા સ્થપાયેલ, ઈઈ નોઉદેશ્ય રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત વિવિધ પરિબળોમાં વ્યાપક તાલીમ, સંશોધન, શિક્ષણ અને વિસ્તરણ પ્રદાન કરવાનો છે. યુનિવર્સિટી સમકાલીન સુરક્ષા પડકારોને અસરકારક રીતે સંબોધવા માટે અદ્યતન જ્ઞાન અને કૌશલ્યોથી સજ્જસક્ષમ વ્યાવસાયિકો બનાવવાનો પ્રયત્ન કરે છે.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028